# વાયડામિત્ર

વર્ષ : ૯૯ અંક : ૬ જૂન – ૨૦૨૧
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)

## Happy Monsoon




Painting on Canvas Board by Durva Nirav Chokshi (Std 9)

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

**Trupti Rajendra Shah** | **Bipin Shah** | **Jitendra Shah**

**Rahul Shah** | **Geeta Shah** | **Sunita Shah**

**Dhaval Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

જૂન - ૨૦૨૧, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૯, અંક–૬

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

VAYVASET Connecting mutual strengths

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/–

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ–મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# Decoding Vedic Mantra

Science - fast-growing world. From an infinitesimal object to a gigantic device, everything is Science. And every day there is some new discovery. While everyday some new techniques are being introduced, ancient techniques which were introduced long ago, are extant yet extinct.

If the history of science is traced back to its origin, it probably starts from an unmarked era of ancient times. Many techniques that are practiced today have been derived from ancient Indian scholars.

Here is something we need to know about the " Value of pi ".

Here is the Vedic numerical code in the Vedas. In Sanskrit, the following Vedic numerical code was used in many Slokas:



कादि नव

टादि नव

पादि पञ्चक

यद्यश्टक

क्ष शुन्यम्

## Transliteration :

"Kaadi nava
Taadi nava
Paadi panchaka
Yadyashtaka
Kshah sunyam"

Here is the meaning of the Vedic numerical code. Kaadi Nava starting from ka is the sequence of 9 letters representing 1,2,..9. Similarly, Taadi Nava, starting from ta; Paadi Panchaka (1-5), starting from pa; Yadyashtaka (1-8), starting from ya; and Ksha represents 0.

Here is the table, depicting the values :

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

| कटपयादि संख्या - kaTapayAdi for Melakarta Ragam Names & Numbers | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 0 |
| क | ख | ग | घ | ङ | च | छ | ज | झ | ञ |
| ट | ठ | ड | ढ | ण | त | थ | द | ध | न |
| प | फ | ब | भ | म | | | | | |
| य | र | ल | व | श | ष | स | ह | | |
| ka | kha | ga | gha | nga | cha | Cha | ja | Jha | nya |
| Ta | Tha | Da | Dha | Na | ta | tha | da | dha | na |
| pa | pha | ba | bha | ma | | | | | |
| ya | ra | la | va | sha | Sha | sa | ha | | |

Based on this code, there are many Slokas relating to mathematics.

## For example, The following is a sloka for Pi value:

गोपीभाग्य मधुव्रातः श्रुंगशोदधि संधिगः |
खलजीवितखाताव गलहाला रसंधरः ||

## Transliteration :

Gopeebhaagya Madhuvraathah Shrugashodhadhi Samdhigah
Khalajeevithakhaathaava Galahaalaa Rasamdharam

## Translation :

O Lord anointed with the yogurt of the milkmaids' worship (Krishna), O savior of the fallen, O master of Shiva, please protect me.

This is the translation, based on its code. This code is based on the main Sanskrit letters in the Sloka:

ga-3, pa-1, bha-4, ya -1, ma-5, Dhu-9, ra-2, tha-6, shru-5, ga-3, sho-5, dha-8, Dhi -9, sa-7, Dha- 9, ga-3, kha-2, la-3, jee-8, vi-4, tha-6, kha-2, tha-6, va-4, ga-3, la-3, ha-8, la-3, ra-2, sa-7, Dha-9, ra-2

## This is the actual value of Pi:

3.14159265358979323846264338327 92...

This sloka actually has got three meanings, the first meaning of this Sloka is in favor of Lord Shiva, the second meaning of this Sloka is in favor of Lord Krishna and the third meaning of this Sloka is the value of Pi up to 32 decimals.

**They were always ahead of a curve...**

**Riddhi Bhavesh Shah**
**Bhuj, Kachchh**

Riddhi Bhavesh Shah
19 years old
From : Bhuj, Kachchh
Pursuing Bachelor's degree in Botany
Mobile no. 9714458955

- જીવન જીવવાના ગુણો છે – સમજદારી – જવાબદારી – ઈમાનદારી.
- જ્ઞાની અને દાની નમ્ર હોવા જોઈએ.
- જો આપ સાચા છો તો ગુસ્સો કરવાનો કોઈ અર્થ નથી અને ખોટા છો તો ગુસ્સો કરવાનો કોઈ હક નથી.
- પોતાના રહસ્યો કોઈની પણ સામે ન ખોલો, તમારા પોતાના માટે ઘાતક બની શકે છે.
- મહેનત દાદર છે, ભાગ્ય લીફ્ટ જેવું છે, લીફ્ટ બંધ થઈ શકે છે, જ્યારે દાદર ઉંચાઈ પર લઈ જાય છે.
- ખોટું જીવન આસાન પણ તનાવગ્રસ્ત હોય. જ્યારે સાચું જીવન કઠીન પણ સંતોષકારક હોય.

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# વો સુબહ કભી તો આયેગી



વિશ્વવિજયી થવાના સ્વપ્નોને સિધ્ધ કરવા સીકંદરે પોતાના સેનાપતિ સાથે મંત્રણાઓ શરૂ કરી અને એક શુભ દિવસે એલેક્ઝાન્ડર ધી કીંગ – સીકંદરે પોતાના વિશાળ સૈન્ય સાથે કલીંગ તરફ કૂચ કરી.

ભારતમાં કલીંગનું રાજ્યસિંહાસન શોભાવતા પોરસના સેનાપતિએ પોતાના રાજાને સિકંદર વિશાળ સૈન્ય સાથે આવી રહ્યા છે તેના સમાચાર આપ્યા.

એક બાજુ વિશ્વવિજયથી એક જ જીત પાછળ રહેલા સીકંદરનું વિશાળ સૈન્ય અને એની સામે પોરસ..... પોરસની તો કોઈ હેસીયત જ ન હતી એમ કહીએ તો અતિશયોક્તિ ન કહેવાય.

કલીંગના યુધ્ધ મેદાન તરફ સીકંદરનું સૈન્ય ધૂળ ઉડાડતું આગળ વધી રહ્યું હતું. આ જોઈ પોરસના સેનાપતિએ કહયું – 'આ વિશાળ સૈન્ય સામે આપણી સેના ઊભી રહી શકે એમ છે જ નહીં.' આ વાત વાયુવેગે રાજ્યમાં ફેલાઈ ગઈ. મૂઠ્ઠીભર સૈનિકો હાજર હતાં. રાજ્ય બહાર સૈન્યએ કૂચ શરૂ કરી. સૈન્ય આગળ વધવાની તૈયારીમાં હતું પણ આ શું... ? પોરસના સૈન્યનો છેડો દેખાતો જ ન હતો. ઘરે ઘરેથી અબાલ – વૃધ્ધો – યુવાનો જ નહીં, યુવાન સ્ત્રીઓ પણ દેશને બચાવવા સૈન્યમાં જોડાઈ ગઈ. હવે પૌરસનું સૈન્ય મોટું હતું પણ સામે સિકંદરનું સૈન્ય વધુ તાલીમબધ્ધ હતું.

કલીંગના મેદાનમાં બંને સૈન્યો સામસામે આવી ગયા. રણશીંગા ફુકાયા. યુધ્ધના આયુધોના ટકરાવાના અવાજો આવવા લાગ્યાં. હૃદયને ચીરી નાંખે એવી ચિચિયારીઓ પડવા લાગી. સીકંદરનું સૈન્ય કાપા કાપી કરતું આગળ વધવા માંડયુ. જોત જોતામાં સીંકદરનું સૈન્ય પોરસના સૈન્યને પાર કરી ગયું. પોરસના યોધ્ધાઓ જીવસટોસટીનો ખેલ કરી શહીદી વહોરવા માંડયા. સાંજ ઢળી રહી હતી. પોરસના મૂઠ્ઠીભર સૈનિકો સિકંદરનો સામનો કરી રહ્યા હતા અને પોતાના રાજાને બચાવવાના બધા પ્રયત્નો કરી રહ્યાં હતાં. સીકંદરને પોરસ જીવતો જોઈતો હતો. સાંજ ઢળતા પહેલાં તો સીકંદરના સૈનિકોએ પોરસને કેદ બનાવી રાજા સામે હાજર કરી દીધો. યુધ્ધનું મેદાન – મશાલોના સોનેરી અજવાળામાં લપેટાઈ ગયું હતું.

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

હવે, પોરસ યુધ્ધ કેદી હતો પણ રાજા હતો. એની ખુમારી અને આત્મવિશ્વાસ જરા પણ ઓછા ન હતાં. વિશ્વવિજેતા સીકંદર સામે ઊભો હતો. એલેકઝાન્ડર ધ કીંગ – વિજયના નશામાં ચૂર હતો. ગૌરવ નહીં, ઘમંડ તેના મન પર સવાર હતું.

સામસામે ઉભેલા સીકંદર અને પોરસને જોતાં જ લાગે કે એક ઘમંડમાં ચૂર હતો તો બીજો આત્મવિશ્વાસથી ભરપુર હતો. એક વિજયના નશામાં હતો તો બીજો વિનાશના દુ:ખમાં હતો.

સીકંદરે વિજયના ઉન્માદ સાથે પોરસને પૂછયું – 'હાર તો તમે સ્વીકારી જ લીધી છે તો મારા યુધ્ધ કેદી તરીકે મારી સાથે–મારી પ્રજા સાથે વિજયની ઉજવણીમાં જોડાઈ જાવ.'

યુધ્ધના મેદાનમાં પોરસે સીકંદર સાથે ચાલવા માંડયું. સીકંદરને પોતાના યોધ્ધાના વારથી થયેલી જીત દેખાતી હતી અને પોરસને દેશ માટે ફના થનાર – કુરબાન થનાર શહીદો દેખાતા હતા. સીકંદરને જીતના ઢોલ નગારા સંભળાતા હતાં તો પોરસને કોઈના લાડકવાયાની ખાંભી દેખાતી હતી. કોઈ પુત્રીને પિતાના મૃત્યુ પર થતો અશ્રુભિષેક દેખાતો હતો તો પત્નીનો સ્વપ્નોનો મહેલ ચકનાચૂર થતો દેખાતો હતો. સીકંદરને મશાલના પ્રકાશમાં વિજય સરઘસ દેખાતું હતું તો પોરસને મશાલના પ્રકાશમાં ચિતાનો અગ્નિ દેખાતો હતો. યુધ્ધના આખા મેદાનમાં લાશોનો ઢેર હતો. ક્યાંક કોઈનું ધડ પડયું હતું તો કયાંક કોઈનો શિરચ્છેદ થઈને પડયું હતું. ક્યાંક કોઈનો કપાયેલો હાથ હતો તો ક્યાંક વિંધાયેલો નિશ્ચેતન દેહ પડયો હતો. આક્રંદ કરતા પરિવારજનો પોતાનાને ખોળતા હતાં – હીબકા સમાતા ન હતાં – વિંધાયેલા – કણસતાં દેહ ભલભલા કઠળ કાળજાને કપાવવા માટે કાફી હતાં. જેમ જેમ સિકંદર અને પોરસ આગળ વધતા ગયા સિકંદરની જીતનો નશો પીગળતો ગયો–પીગળતો જ ગયો. યુધ્ધના મેદાનના છેક છેડા તરફ આગળ વધી રહ્યા હતાં ત્યાં એક યુવાન દિકરી પતિના માથાને ખોળામાં લઈ બેઠી હતી. સિકંદરને આવતો જોઈ તે પતિના મસ્તકને સિકંદર સામે ધરી ઉભી થઈ. વિજયના નશાને ઉતારવા માટે એક દિકરીનો અશ્રુભિષેક જ પુરતો હતો. સિકંદરે પોરસનો હાથ પકડી લીધો. આ મોતની મહેફીલ જોઈ તે દ્રવી ઉઠ્યો. ગદ્ગદિત થઈ ગયો. અરે આ શું પોરસના ખભે સિકંદરના અશ્રુનો અભિષેક થવા માંડયો. સિકંદરની જીતનો નશો ચકનાચૂર થઈ ગયો. હવે તેને પોતાની જીતમાં હાર દેખાવા લાગી. લાશોના ઢેર વચ્ચે વિશ્વવિજેતા ભાંગી પડયો.

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

આજે પણ આખા વિશ્વમાં લાશોનો ઢેર પડયો છે. વિશ્વના કોઈ પણ દેશમાં જાઓ કોઈ પણ શહેરમાં જાવ તો આખું વિશ્વ હિબકે ચડયું છે. કંઈ કેટલાંય પોતાના સ્વજન – પ્રિયજન – વહાલસોયાઓને એક એક શ્વાસ માટે તડપતા જોયાં. સિકંદરરૂપી કોરોના વાયરસે આજે માનવીને હરાવી દીધો છે. ઠેર ઠેર લાશોના ઢેર વચ્ચે દિવસ–રાત સળગતી ચિતાના અગ્નિથી આજે માનવી વિહ્વળ થઈ ગયો છે. એક વાયરસે માનવીની જિંદગી ખેદાન–મેદાન કરી દીધી છે. ત્યારે આજે આખું વિશ્વ એક અવાજે કહી રહ્યું છે – વિશ્વાસ સાથે કહી રહ્યું છે કે –

વો સુબહ કભી તો આયેગી,<br>
વો સુબહ કભી તો આયેગી,<br>
જબ દુ:ખ કે બાદલ પિંઘલેંગે<br>
જબ સુખ કા આંચલ છલકેગા,<br>
જબ અંબર ઝૂમકે નાચેંગે<br>
જબ ધરતી નગમે ગાયેગી<br>
વો સુબહ કભી તો આયેગી<br>
વો સુબહ કભી તો...

**– ગીતા રમેન્દ્રભાઈ પરીખ, અમદાવાદ**

**મો. ૯૮૨૪૩ ૧૫૫૭૦**

## માતાની સ્તુતિ

નમીએ વારંવાર હે વાયડ માતા, નમીએ વારંવાર<br>
કર જોડીને, ધ્યાન ધરીયે, લાગીએ પાયે આવાર – હે વાયડ માતા<br>
અંતઃકરણથી, વિનંતી કરીએ, અમે તમારાં બાળ – હે વાયડ માતા<br>
કુબુદ્ધિ ટાળી, સદ્‌બુદ્ધિ આપો, કરો જીવન કૃતાર્થ – હે વાયડ માતા<br>
સંપરૂપી બીજ, વાવી અમોને, તારી લ્યો હવે આપ – હે વાયડ માતા<br>
જ્ઞાનરૂપી જ્યોત પ્રગટાવી, ઉગારો અમ પ્રાણ – હે વાયડ માતા<br>
આપ કૃપાથી, કોણ અજાણ્યું, સર્વ શક્તીમાન – હે વાયડ માતા

**રચનાર : હીરાલાલ ઘેલાભાઈ લાકડાવાળા**

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

# કૃષ્ણ એટલે જ કરૂણાં



**હે કરૂણાંના કરનારા**

**તારી કરૂણાંનો કાંઈ પાર નથી**

મને તો અવારનવાર કૃષ્ણની કરૂણાંનો અહેસાસ થાય છે અને મારો આ લેખ વાંચનારને પણ મારે એ જ કહેવાનું છે કે આપ સર્વેને કૃષ્ણની કરૂણાંનો અવારનવાર અનુભવ અવશ્ય થયો જ હશે. આવો, હું તમને કૃષ્ણની કરૂણાંનો અનુભવ યાદ કરાવું. આપના હૃદય ઉપર હાથ રાખી આપ જરા વિચારશો કે આપની અત્યારની જે કાંઈ પરિસ્થિતિ છે તેને આપે ક્યારેય ભૂતકાળમાં પણ વિચારેલું? જીંદગીનું પ્રથમ પગથીયું **બાળપણ**... બાળપણની આખી દુનિયા સૌને માટે અલગ અલગ. માનો કે પર્વત ઉપરથી જેમ ઝરણું ધોધરૂપે પડે તેમ મસ્તી અને તરવરાટ રોમે રોમ ક્યાંય પણ રૂકાવટ નહીં. આમાં પણ કૃષ્ણની કરૂણાં જ સમાયેલી છે. તમે કેટલીયવાર પડયા હશો, તમને કોણે ઉભા કર્યા? શરીર ઉપર કેટલાય ઘા પડયા હશે, કોણ રૂઝ લાવ્યું? બાળપણની દરેકે દરેક ક્રિયાઓમાં માત્ર ને માત્ર કૃષ્ણની કરૂણાં જ નજર સમક્ષ આવે છે.

**યુવાનીમાં** પણ તમે જે શિક્ષણ લીધું, ઘર સંસાર ચાલ્યો તેમાં તમારી કાબેલીયત પણ કૃષ્ણની કૃપા થી જ સંભવી છે. તમે જે કાંઈ ઈચ્છયું તે કૃષ્ણ એ તમારાં અધિકાર પ્રમાણે આપ્યું છે. ક્યારેક તો એવું પણ બન્યું હશે કે તમે જે પ્રાપ્ત કર્યું છે તેની તમે ઈચ્છા પણ નહીં કરી હોય પણ કૃષ્ણની કૃપાએ તમારી શક્તિ દેખી તમને તમારી મનોકામનાની સામેથી ભેટ આપી હશે.

હવે આપણે **વૃધ્ધાવસ્થા**ની વાત કરીએ. આમાં પણ અઢળક કૃષ્ણની કરૂણાં જ નજર સમક્ષ આવે છે. આપણાં સંસારમાં શરૂઆતથી જ વિચારીશું કે પુરૂષ કે સ્ત્રી બંનેએ અગાઉ ક્યારે વિચારેલ નહીં હોય તે તેઓના બંનેના નસીબ ભગવાને આમ એક જ બનાવેલ હશે. અરે! હું તો ત્યાં સુધી કહીશ કે કેટલાંય દૃષ્ટાંતમાં તો પુરૂષ અને સ્ત્રી ક્યારેય ભૂતકાળમાં એકબીજાને મળ્યા પણ નહીં હોય તો પણ બંનેનો સંસાર એકબીજા થી સુમેળ થી ચાલતો હશે. હવે આમાં પણ કૃષ્ણની કરૂણાં સિવાય બીજું શું હોઈ શકે?

મુદ્દાની વાત તો એ છે કે આપણે અત્યાર સુધી અનુભવેલા સુખ અને દુ:ખ બંને માં પણ કૃષ્ણની કરૂણાંનો જ અનુભવ થાય છે. આપણને જે દુ:ખનો અનુભવ થાય છે તે આપણી ના–સમજ અને નાદાનીયત ને કારણે જ થાય છે. મેં એક દાદા ભગવાન નો લેખ વાંચેલ તેમાં આપશ્રીએ કહેલ એક બ્રહ્મવાક્ય જે દરેકે યાદ રાખવા જેવું છે. તેઓશ્રી એ કહેલ – 'જે ભૂલ કરે તે ભોગવે.'

હવે આપણે ખેતી જ એવી કરીએ કે જેમાં ગુલાબ ઉગવાનું જ નથી અને દુ:ખી થઈએ કે મારાં નસીબમાં જ ગુલાબ નથી તો તે કઈ રીતે શક્ય બને? આ વિષય ઉપર પણ એક આખો લેખ લખવાનો થાય તો લખી શકાય. મારૂં માનવું છે કે આવા કેસમાંય કૃષ્ણની કરૂણાં જ નજરે પડે છે. કારણ કે આપણાં પહાડ જેટલા પાપો કૃષ્ણ રાઈ જેવા બનાવી આપણને મોટાં અપરાધમાંથી બચાવી લે છે.

જે પરિસ્થિતી તમારાં મનની ઈચ્છાઓ પ્રમાણે થતી હોય તેને આપણે સુખની વ્યાખ્યા આપીએ છીએ. મોટા ભાગે આપણાં સંતોના કહેવા પ્રમાણે સુખ અને દુ:ખ એ આપણાં મનની જ પરિભાષા છે. એવું જ બને છે કે આપણું સુખ બીજાને માટે સુખ જ ન હોય અને આપણું દુ:ખ બીજાને મામુલી લાગે. આપણે કોઈ ડોકટરની પાસે આપણાં શારીરીક દુ:ખની તપાસ કરવા જઈએ ત્યારે તો ડોકટરનો હસમુખો ચહેરો જોઈને આપણું અડધું દર્દ ગાયબ થઈ જાય છે. ડોકટરની પાસે તેનું જ્ઞાન હોય છે અને આપણું દર્દ ચપટીમાં ગાયબ કરી નાખે. આમાં પણ કૃષ્ણની કરૂણતાંના જ દર્શન થાય છે. કોઈને કાયમ માટે સુખ મળતું નથી અને કાયમ માટે કોઈને દુ:ખી પણ નથી રહેવા દેતું.

કૃષ્ણની કરૂણાંનો વધારે દાખલો આપવો હોય તો મારે સૌને એટલું જ કહેવાનું મન થાય કે આપણો જન્મ થયો તે શું આપણાં હાથમાં હતો? માંના શરીરમાં આપણો ગર્ભ હતો તેનું પોષણ થયું તે શું આપણાં હાથમાં હતું. આપણે જે શ્વાસ વીના પ્રયત્ને લઈએ છીએ તેમાં કૃપા કોની છે? આપણાં શરીરમાં પગથી મસ્તક સુધી લોહીનું પરિભ્રમણ થાય છે તેમાં કૃપા કોની છે? અરે ! આપણે ભોજન લઈએ છીએ તેની પચાવવાની શક્તિ કોણ પેદા કરે છે? આપણાં હાથ, પગ અને શરીરમાં પ્રાણ શક્તિ જ ન હોત તો શું કામની?

આના ઉપર પણ વિસ્તૃત લખવું હોય તો એક લાંબો લેખ લેખી શકાય. પરંતુ મારે અહીં વાત કૃષ્ણની કૃપા અને કરૂણાંની જ કરવી છે.

નાનાલાલ શામજી શાહ પરિવાર(મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ હ.લક્ષ્મીબહેન હસમુખલાલ શાહ

આપણાં પુષ્ટિ સંપ્રદાયમાં ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં અમુક વાર્તા આપણાં હૃદયને ભાવ વિભોર કરી દે તેવી છે. એકે એક વાર્તાઓમાં કૃષ્ણની કરૂણાંના લખલૂટ દર્શન થાય છે. એક વાર્તાનો સાર દૃષ્ટાંતરૂપે આપની સમક્ષ મુકવાનું મન થાય છે કારણ કે મહાભારતના પ્રસંગમાં તો જયારે દ્રૌપદીનું વસ્ત્રાહરણ થાય છે ત્યારે દયનીય પરિસ્થિતિ માં ત્યાં બીરાજમાન દરેક મહાનુભાવો ને આજીજી કરે છે વિનંતી કરે છે છતાં કોઈ કાંઈ જ કરી શકતું નથી અને આખરે કેશવને અંતઃઆત્માથી એક વખત વિનંતી કરે છે તો એક નહીં પરંતુ હજારો ચીર થી તેની લાજ રાખે છે.

જયારે આપણાં પુષ્ટિમાર્ગ માં ૨૫૨ વૈષ્ણવોની વાર્તા માં ૯૭ ની વાર્તામાં તો એવો અનુભવ થાય છે કે આ ભોળી ભાળી ક્ષત્રાણી ની લાજ બચાવવા કૃષ્ણએ નહીં પરંતુ ખુદ સ્વામીનીજી એ આવીને ક્ષત્રાણીની લાજ બચાવવા સાડી આપી. આ દૃષ્ટાંતમાં તો કૃષ્ણ કરતાંય સ્વામીનીજીની પણ વધુ કૃપાના દર્શન થાય છે. વાર્તાનો પ્રસંગ કાંઈક આ પ્રકારે છે – નિષ્કીંચન ક્ષત્રીય અને ક્ષત્રાણી ઠાકોરજીની સેવા કરી જંગલના લાકડાં વેચી જે દ્રવ્ય આવે તેમાંથી સામગ્રી સિધ્ધ કરી વૈષ્ણવો ને લેવડાવે. હવે એક સાથે આઠ વૈષ્ણવો આમના ઘરે આવ્યા છતાં પણ હીંમત હાર્યા વગર ક્ષત્રાણીએ પોતાની એક માત્ર સાડી વેચી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવે છે અને પોતે પોતાની લાજ ઢાંકવા એક કોઠીમાં સંતાઈ જાય છે પરંતુ વૈષ્ણવોનો આગ્રહ હતો કે ક્ષત્રાણીના હાથે જ પ્રસાદ લેવો છે ત્યારે પોતાની લાજની પરવા કર્યા વગર તે ઉચ્ચ કોટીના વૈષ્ણવમાં હરિ–ગુરૂ–વૈષ્ણવ એમ એક જ ભાવ દેખી પ્રસાદી લેવડાવવા કોઠીમાંથી બહાર આવવાં તૈયાર થઈ જાય છે પરંતુ અહીં સ્વામીનીજીને ચિંતા થાય છે અને ભૂતલ ઉપર પધારી ક્ષત્રાણીને તે સ્વયંમ્ સાડીનું દાન કરે છે. જયારે ઠાકોરજી પૂછે છે કે દેવી કયાં જાવ છો ? ત્યાર પછી જણાવે છે કે આપણાં અનન્ય વૈષ્ણવ ક્ષત્રાણીની લાજ બચાવવા જવું છું. કેટલી બધી કરૂણાં – સાહેબ ! આ પ્રસંગ વાંચતા તો મનનાં રોમેરોમમાં એક દૈવી અનુભુતી થઈ કે – ‘હે પામર જીવ, તું શા માટે ચિંતા કરે છે હજારો હાથ વાળો આપણાં બધાંની પળેપળ ની ચિંતા કરે છે.’ પરંતુ આ પામર જીવ ઘડી પણ ચિંતામાંથી મુક્ત થઈ શકતો નથી. કેટલીયવાર, એવું બન્યું હશે કૃષ્ણએ આપણી જાણ બહાર મદદ કરી હશે. આજ પુષ્ટિમાર્ગની ચરમ સીમા છે. જેમાં ઠાકોરજી દીનરાત આપણી ચિંતાઓ કરે છે. આપણાંથી ૮૪–૨૫૨ વૈષ્ણવો એ જે રીતે સેવા કરી હતી તેમાંની રતિભાર પણ આપણે સેવા કરી શકતા નથી છતાંય કરૂણાંના કરનારે આપણાં ઉપર અવિરત કરૂણાં કરી છે અને કરતા રહેશે જ એવી મને ચોક્કસ ખાતરી છે.

‘આરતી મેટરનીટી હોસ્પિટલ’ ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

કૃષ્ણ બીજા બધા દેવ–દેવીઓ થી અલગ છે. અલગ એટલા માટે કે બીજા દેવ–દેવીઓની તમે ઉપાસના કરો તો તમને જોઈએ તેવું વરદાન આપી દે. બસ તેઓ પ્રસન્ન થવા જોઈએ દાખલા તરીકે શંકર ભગવાન. શંકર ભગવાનને ભોળાનાથ કહો તેઓની ઉપાસના કરો તો પ્રસન્ન થઈ તમે જે ઈચ્છા કરી હોય તેનું દાન આપી દે. દા.ત. કંસ અને રાવણના મહેલો માં કેટલાય દેવ–દેવીઓ નોકર ની જેમ કામ કરતાં. અમુક ને તો અમરત્વનું પણ દાન આપી દેતા અને જયારે આ લોકો પૃથ્વી લોકના માણસોને રંજાડતા ત્યારે બધા દેવો વિષ્ણુની પાસે સમાધાન કરવા જતા અને છેવટે વિષ્ણુએ જ આ લોકો ને શિક્ષા કરી. પરંતુ, આપણાં કૃષ્ણ તો ચતુર શિરોમણી છે. તમે કપટ કરવા જશો તો તમારાંથી પણ વધારે કપટ કરવાંમાં માહીર છે. તેમની આગળ કોઈ પણ ચાલાકી કે અવળચંડાઈ ચાલતી નથી. તમારાં શુધ્ધ મનનાં ભાવ ને તરત જ જાણી જાય છે. જેવી રીતે મીરાં, નરસીંહ આપણાં ૮૪–૨૫૨ વૈષ્ણવો ના જેવા શુધ્ધ ભાવથી આપણે સેવા કરીશું તો મારો વિશ્વાસ છે કે તમારે કાંઈ પણ માંગવાની જરૂર જ નહીં પડે. તમને જેની જરૂર હશે તે વિના માંગે તમને કૃષ્ણ આપતા જ રહેશે. કારણ કે **કૃષ્ણ એટલે જ કરૂણાં**. આપણે સુચારુ મનથી બસ એટલી વિનંતી કરવાની છે કે

મારા પાપ ભર્યા છે એવાં, હું ભુલ્યો કરવી સેવા,

મારી ભુલોના ભુલનારાં, તારી કરૂણાં નો કાંઈ પાર નથી.

**– કિશોર એમ. પરીખ, ભરુચ**
**મો. ૯૮૨૫૭ ૦૬૮૦૮**

**લગ્ન વિષયક**

પાલનપુર સ્થિત પરિવારની યુવતી જન્મ તારીખ ૬–૧–૧૯૯૪, B.Tech (I.T) નડિયાદની ડીગ્રી અને માસ્ટર્સ ઈન કોમ્પ્યુટર (USA) અને ન્યુ જર્સી માં રહેતી, H1B વિઝા ધરાવતી યુવતી માટે યોગ્ય યુવકના વાલી તરફથી પત્ર વ્યવહાર આવકાર્ય છે.

E-mail : mansidesai279@gmail.com

M.: 9426012519, 9327553753

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

## કોવીડ – અનિદ્રા : કોવિડ –૧૯ કારણે સર્જાતી અનિદ્રા



કોવિડ –૧૯ શરુ થયા પછી શું તમને એવો અનુભવ થયો છે કે, રાત્રે ઉંઘ ન આવે, ચિંતા થાય, ગભરામણ થાય, અજંપો થાય ? જો આનો જવાબ "હા" હોય તો આવો અનુભવ કરનારા તમે એકલા નથી. આ મહામારીની પરિસ્થિતિમાંથી નિષ્પન્ન થતી અનિદ્રાને કોવીડ – અનિદ્રા અથવાતો કોવીડ–સોમ્નિઆ કહે છે.

કોવીડ –અનિદ્રા થવાના મુખ્ય કારણો છે, – વાયરસના ચેપ લાગવાનો ભય, કામનો સ્ટ્રેસ, આર્થિક અનિશ્ચિતતાઓ, સામાજિક દૂરી ઉપરાંત હોસ્પિટલોના મોટા બીલ પણ વ્યક્તિઓને નિરાશ બનાવી દે છે. આ સ્ટ્રેસની સ્થિતિ કોવીડ – અનિદ્રામાં પરિણમે છે. તેથી જો સ્ટ્રેસને હળવો કરવામાં આવે તો કોવીડ –અનિદ્રામાંથી મહદ્અંશે મુક્ત થઇ શકાય.

### કોવીડ–૧૯ દરમ્યાન શા માટે નિદ્રા પ્રત્યે સતર્ક રહેવું જોઈએ?

કોઇપણ તણાવજન્ય પરિસ્થિતિ તે માનવ સર્જિત હોય કે કુદરત પ્રેરિત હોય તે વ્યક્તિના જીવનમાં શારીરિક તેમજ માનસિક સ્તર ઉપર ઘાતક અસર કરે છે. માનસિક સુખાકારીમાં આહાર અને કસરતની જેમ નિદ્રાનું યોગદાન ઘણું મોટું છે. અનિદ્રાની સ્થિતિ મનઃસ્થિતિને વિચલિત કરવા ઉપરાંત રોગપ્રતિકારક શક્તિનો પણ ઘટાડો કરે છે. કોરોનાને કારણે સર્જાએલા સ્ટ્રેસનો વિધાયક રીતે સામનો કરવા માટે પર્યાપ્ત માત્રામાં ગાઢ નિદ્રા લેવી જરૂરી છે.

ગાઢ નિદ્રા એ સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે.

નિદ્રા, એ કુદરત તરફથી માનવજાતને મળેલું વરદાન છે. નિદ્રા આપણને શારીરિક તાકાત, માનસિક રીતે કાર્ય કરવાની શક્તિ આપે છે. સાત થી આઠ કલાકની નિદ્રા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. અનિદ્રામાં પસાર થતી એક બે રાત્રી કોઈ મોટી સમસ્યા ઉભી નથી કરતી પણ જયારે આ સ્થિતિ દિવસો સુધી લંબાય તો તેની નિષેધક અસરો જરૂરથી શારીરિક તેમ જ માનસિક સ્તર ઉપર પડે છે. ગાઢ નિદ્રાનો અભાવ આપણામાં રહેલી રોગપ્રતિકારક શક્તિને ઓછી કરે છે. વ્યક્તિની સ્ટ્રેસની માત્રામાં વધારો થાય છે પરિણામ સ્વરૂપ વ્યક્તિ ડિપ્રેશન અને અજંપા જેવા અનેક રોગોનો ભોગ બને છે.

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

**કોવીડ- અનિદ્રામાંથી મુક્ત કેવી રીતે થવું ?**

નિદ્રાને પ્રાધાન્ય આપો. ૭ થી ૮ કલાકની નિદ્રા જરૂરી છે. સુતા સમયે મોબાઈલ, ટેબ્લેટ જેવા સાધનોથી દૂર રહેવા ઉપરાંત સૌથી મહત્વનું છે તે છે કે શ્વસનક્રિયાનો નિયમિત અભ્યાસ. આ અભ્યાસ કેવળ કોવીડ-અનિદ્રામાંથી જ નહી પણ અનેક પ્રકારની શારીરિક તેમ જ માનસિક સમસ્યાઓમાંથી પણ રાહત આપશે. કોરોનાકાળ દરમ્યાન આવશ્યક એવી રોગપ્રતિકારક શક્તિને પણ વધારશે.

શ્વાસ એ જ સંજીવની.

શ્વસનક્રિયા એ કોવીડ-અનિદ્રાને મટાડવાનો સંપૂર્ણ વિકલ્પ નથી. પણ, હા તેને કારણે શ્વાસનળી કે ફેફસામાં જે નિષેધક અસરો થઇ છે તેને દૂર કરવામાં ઘણે અંશે મદદરૂપ બની શકે છે. આ ઉપરાંત મહામારી દરમ્યાન જે સ્ટ્રેસ સર્જાય છે, જે કોવીડ-અનિદ્રાનું કારણ બને છે તેમાંથી મુક્ત થવામાં પણ મદદરૂપ બને છે.

કોવીડ-અનિદ્રામાંથી રાહત મેળવવા માટે એક મહત્વપૂર્ણ શ્વસન ક્રિયા છે જેનો હવે આપણે ઉલ્લેખ કરીશું. પણ તે પહેલા આપણે એ જાણી લઈએ કે શ્વસનક્રિયાનો નિયમિત અભ્યાસ શા માટે જરૂરી છે ?

સતત રહેતી સ્ટ્રેસની સ્થિતિ હાઈ બી.પી, હૃદયરોગની જેમ કોવીડ-અનિદ્રાનું પણ કારણ બને છે. સ્ટ્રેસનો વિધાયક રીતે સામનો કરવા માટેના માર્ગ તો અનેક છે પણ આપણા માટે જે સતત ઉપલબ્ધ છે તે છે – શ્વસનક્રિયા.

શ્વાસ, શરીર અને મન આ ત્રણે એકબીજા સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે. જેમ મનની સ્થિતિ બદલાય તેમ શ્વાસોચ્છવાસની ક્રિયામાં પણ પરિવર્તન આવે છે તે જ રીતે શ્વાસોચ્છવાસની ક્રિયામાં ફરક કરવાથી મનની સ્થિતિને બદલી શકાય છે. ઊંડા શ્વાસ લેવાની ક્રિયા એ સ્ટ્રેસ તેમજ તેને કારણે સર્જાતી સમસ્યાઓ જેવી કે, કોવીડ-અનિદ્રાને દૂર કરવામાં ઘણી સહાયક બને છે.

ઊંડા શ્વાસ લેવાની ક્રિયા શરીર, મન તેમજ સ્ટ્રેસ પર કેવી રીતે અસર કરે છે ?

ઊંડા શ્વાસ લેવાની ક્રિયા એ સ્ટ્રેસને દૂર કવાનું હાથવગું સાધન છે. ઊંડો શ્વાસ લેવાને કારણે મગજમાં પ્રાણવાયુની માત્રા વધારે પ્રમાણમાં જાય છે જે પેરાસીમ્પેથેટીક નર્વસ સીસ્ટમને ઉત્તેજિત કરે છે અને મનને શાંત રાખે છે. તે ઉપરાંત ઊંડા શ્વાસ લેવાની ક્રિયામાં શ્વાસ નાક દ્વારા ફેફસામાં જાય છે અને ફેફસાના છેક નીચેના ભાગ સુધી જાય

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

**સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.**

છે જે લોહીને શુદ્ધ કરવા માટે અત્યંત જરૂરી છે. શરીરના પ્રત્યેક કોષને પ્રાણવાયુયુક્ત લોહી મળવું જરૂરી છે. ઉપરછલ્લા શ્વાસમાં આ ક્રિયા સંભવ બનતી નથી તેથી વ્યક્તિ શરીરના સ્તરે અશક્તિ તેમ જ મનના સ્તરે અજંપાનો અનુભવ કરે છે.

ઊંડા શ્વાસ લેવા માટે અત્રે એક મહત્વપૂર્ણ ક્રિયાનો ઉલ્લેખ કરીશું, તે છે – ઉદરીય શ્વસન. આ ક્રિયા સ્ટ્રેસને કારણે સર્જાતી કોવીડ–અનિદ્રા જેવી સમસ્યામાંથી મુક્ત થવામાં ઘણે અંશે મદદરૂપ બની શકે છે.

ઉદરીય શ્વસનની ક્રિયા :

ક્રિયાઃ સીધા સૂઈ જાઓ. એક હાથની હથેળીને નાભિ ઉપર રાખો. બીજો હાથ સીધો રાખો. શ્વાસ બહાર કાઢતા પેટ અંદર જશે, હથેળી અંદર જશે. શ્વાસ અંદર ભરતા પેટ બહાર આવશે હથેળી ઉપરની તરફ જશે. શ્વાસને માત્ર લેવો અને છોડવો. ઈરાદાપૂર્વક અંદર કે બહાર રોકવો નહી. ખાલી પેટે શ્વાસનું આ રીતે નિરીક્ષણ કરવું. બળનો ઉપયોગ કરવો નહી.

શ્વાસોચ્છવાસની ક્રિયા એ માત્ર ક્રિયા નથી, કલા પણ છે. શ્વસનકલાને સિદ્ધ કરવાથી શરીર તેમજ મનને વધારે શક્તિસભર, તણાવમુક્ત તેમ જ હાઈ બી.પી, અસ્થમા તેમજ કોવીડ–અનિદ્રા જેવી સ્થિતિમાંથી મુક્ત થઇ શકાય છે.

**– ડૉ. પ્રજ્ઞા શાહ, વડોદરા**

**મો. ૯૯૨૪૧ ૬૫૬૩૦**

## Summer

Summer is near
Butterflies Flutter
The sun is brighter than ever
Bees are buzzing
The green fields sway
The birds chirp
It’s going to be a great summer

**- Shaivi Shah (age 7 years),**
**Houston, USA**

**ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.**

# ભવિષ્યના બનાવો જોઈ શકાય ?



જીવનમાં એવા ઘણા બનાવો બને છે, જેનો જવાબ બુદ્ધિ દ્વારા શોધી શકાતો નથી. દુનિયામાં એવા કેટલાય કિસ્સાઓ નજરે ચડે છે જેને વિજ્ઞાન દ્વારા ચકાસી શકાતા નથી.

અંધશ્રધ્ધાથી ઢોંગી અને ધુતારાને ભલે ન માનીએ પરંતુ વિજ્ઞાનથી સાબિત થાય તે સાચુ એમ પણ ન કહી શકાય. ઘણી એવી બાબતો છે – જેનો વિજ્ઞાન પાસે જવાબ નથી.

એક દિવસ મુંબઈમાં એક પાર્ટી ચાલતી હતી. ઘણા નામી માણસો તેમાં હતા. તેમાં મહાન વૈજ્ઞાનિક ડો. હોમી ભાભા અને મહાન કાયદાવિદ્ નાની પાલખીવાળા પણ હતા. લખનૌની એક સાદી અને સરળ દેખાતી વ્યક્તિ પાસે અસાધારણ શક્તિ છે તેવી વાત થઈ. તે વ્યક્તિ નમ્ર હતી. ઘણા મહેમાનોએ ડો. હોમી ભાભાને કહ્યું – આ વ્યક્તિની શક્તિને ચકાસીએ. ડો. ભાભાએ પ્રથમ તો ના પાડી પરંતુ બધાનો આગ્રહ થતા તેમણે એક રૂપિયાની નોટ પાકીટમાંથી કાઢી અને જાયા વિના બાજુના ખિસ્સામાં મૂકી. પેલી લખનૌની વ્યક્તિએ તે નોટના નંબર કહી બતાવ્યા. બધાને ખૂબ આશ્ચર્ય થયું. ડો. હોમી ભાભા એનું વૈજ્ઞાનિક કારણ શોધી શક્યા નહીં.

શ્રી નાની પાલખીવાળા પોતાનો એક જાત અનુભવ વર્ણવે છે. જ્યારે અલ્હાબાદ હાઈકોર્ટે ઈન્દિરા ગાંધીની ચૂંટણી રદ કરી ત્યારે ઈન્દીરા ગાંધીના વકીલ તરીકે પાલખીવાળાએ સુપ્રિમ કોર્ટમાં મનાઈ હુકમ મેળવવા દલીલો કરી હતી. ન્યાયમૂર્તિ શ્રી કૃષ્ણા ઐયરે દલીલો સાંભળી એવો મનાઈ હુકમ આપ્યો હતો કે ઈન્દિરાજી વડાપ્રધાન તરીકે કાર્ય કરી શકશે, પરંતુ લોકસભામાં વોટ આપી શકશે નહીં.

પાલખીવાલા ઇંદિરાજીને ૨૪ જુન, ૧૯૭૫ના રોજ મળવા ગયા અને સુપ્રિમ કોર્ટના ઓર્ડરથી મહદ્અંશે માંગણી સંતોષાયાની વાત કરી. ત્યારબાદ પાલખીવાળા દિલ્હીથી વિમાન માર્ગે મુંબઈ જવા નીકળ્યા. તેમની બાજુમાં એક ખાદીધારી વૃધ્ધ સજ્જન બેઠા હતા. તેમણે પાલખીવાલાને પૂછયું કે ઇંદિરાજીના કેસમાં શું થયું? પાલખીવાલા એ જવાબ આપ્યો. ત્યાર પછી તે સજ્જને કહ્યું કે તેઓ બેંગ્લોરના ગાંધી આશ્રમમાં ગયા હતા. ત્યાંના એક રહેવાસીએ કેટલીક આગાહીઓ કરી છે તે તમને કહું. પાલખીવાલાને બહુ

રસ ન હોતો પરંતુ તે સજ્જન ઉત્સાહથી કહેતા હતા તેથી પાલખીવાલાએ તે આગાહીઓ સાંભળી. તે આગાહીઓ નીચે પ્રમાણે હતી.

(૧) ઈન્દિરાજી અલ્હાબાદમાં કેસ હારી જશે પરંતુ પછી દુનિયાની સર્વશક્તિમાન સ્રી બનશે.

(૨) ઈન્દિરાજીની આ સત્તાનો માર્ચ, ૧૯૭૭માં અંત આવશે.

(૩) જયપ્રકાશ નારાયણ ગંભીર માંદગીમાં પટકાશે અને બે વર્ષમાં મૃત્યુ પામશે.

(૪) યશવંતરાય ચૌહાણ કદી પણ વડાપ્રધાન બની શકશે નહી.

શ્રી નાની પાલખીવાલા બહુ પ્રભાવિત થયા નહીં. ઈન્દિરાજી કેસ હારી ગયા તે પહેલાં આ આગાહી જાણવા મળી હોય તો તેની કિંમત હતી. વળી ઇંદિરાજી વડાપ્રધાન હતા. હવે સર્વ શક્તિમાન થવું એટલે શું તે ગળે ઉતરતું ન હોતું. તેથી શ્રી પાલખીવાળાએ તે ગાંધીવાદીનું નામ પણ ન પૂછયું કે આગાહી કરનારનું નામ પણ ન પૂછયું.

પરંતુ આ વાત થયાને ૩૬ કલાક પણ નહોતા થયા અને ઈન્દિરાજીએ કટોકટી જાહેર કરી. શ્રી પાલખીવાલાને આઘાત લાગ્યો પરંતુ બધી આગાહીઓ યાદ આવી. તેમણે ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના તંત્રી અને બીજા લોકોને ભોજન માટે આમંત્રણ આપ્યું અને બધી આગાહીઓ જણાવી. બીજા મહિને ઈન્ડીયન એક્સપ્રેસના શ્રી રામનાથ ગોએન્કાને પણ બધી આગાહીઓ જણાવી. બધાને થયું લાંબો સમય કટોકટી રહેશે તે દુઃખની વાત છે, પરંતુ આનંદ એ હતો કે તે દૂર થશે.

૨૨ માર્ચ, ૧૯૭૭ના રોજ ચૂંટણીના પરિણામો જાહેર થયા અને જનતા પાર્ટીનો જવલંત વિજય થયો. ઈન્દિરાજીએ વડાપ્રધાન તરીકે રાજીનામું આપ્યું. શ્રી પાલખીવાલા દિલ્હીમાં ઈન્દિરાજીના નિવાસસ્થાને મળવા ગયા. તેમણે કહ્યું. “અલ્હાબાદના કેસમાં તમારી હારની, કટોકટીની અને કટોકટી ઊઠી જવાની આગાહી એક વિદ્વાન વ્યક્તિએ કરી હતી એનો અર્થ એ કે આ બધુ કુદરતે નિર્માણ કર્યું હતું તેમાં તમારું કે મારું કંઈ ચાલતું નથી.” ઈન્દિરાજીની આંખમાં આંસુ હતા. શ્રી પાલખીવાલા લખે છે કે આ સિવાય મે કદી ઈન્દિરાજીને આટલા વ્યથિત થતા જોયા નથી.

પેલી વ્યક્તિએ કરેલી ચાર આગાહીઓ સંપૂર્ણ સાચી પડી. તેથી પાલખીવાલા લખે છે કે કુદરતે કેટલાક ચોક્કસ નિયમો ઘડયા છે અને બનાવોનું નિર્માણ કર્યું છે. પરંતુ આપણી સમજની બહાર હોઈ તે આપણે સમજી શકતા નથી પરંતુ કેટલીક વ્યક્તિઓમાં એ શક્તિ હોય છે કે તેઓ ભવિષ્યના બનાવો પણ સ્પષ્ટ જોઈ શકે છે. આવી શક્તિ

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

લાખો–કરોડોમાં કોઈ એકની પાસે જ હોય છે. આપણે હજારો ઢોંગી – ધુતારાને ન માનીએ. આપણે સાવધ રહીને વાતનો સ્વીકાર કરીએ. પરંતુ મનુષ્યની અસાધારણ શક્તિનો આપણે ઈન્કાર ન કરી શકીએ.

**– શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫**

**ઝાકળ**

જોઈયે ખુલ્લું આકાશ અને ધરતી મને પામવાને,
ને મૂકવી પડે કોરાણે નિંદ્રા રાણીને પરોઢીયે,
ને છે દોસ્તી મારી સૂરજના કિરણો સાથેની,
ને એટલે જ તો ચૂપકીથી મારી પાછળ આવે છે,
ને મારા રંગ–રૂપને નિખારે છે,
ને મંદમંદ પવન મારા ઠાઠને આવકારે છે....
છે આયુષ્ય મારું નાનું અમથું એ જાણુ છું,
પણ થઈ સિતારો ભરચક આભમાં,
એવી એક આશ લઈને બેઠી છું....
નોંધ રાખનારા ઘણા છે મારા અસ્તિત્વની,
કેમેરામાં કંડારાઈ જાવુ ત્યારે હર્ષથી ફુલાઈ જાઉં છું,
કોકના સ્મરણમાં તો કોકના કલમમાંથી રેલાઈ જાઉં છું,
કોઈના સ્પર્શથી તેના દીલ–દિમાગમાં કેદ થઈ જાઉં છું....
કોકના દીલમાં એક વાત મારી જેમ,
છાનીમાની ચુપકીથી બેઠી છે,
ને કોકના પ્રેમ–સંવેદના પામવાની,
નાનકડી આશ લઈને બેઠી છે....
જળનું નાનકડુ અમથુ બુંદ છું,
ને મારા રચયિતાને સલામ કરું છું,
કોઈ કહે ફૂલ–બાગનું મોતી છું,
પણ સાચ્ચુ કહ્યુ, જળનું સરનામુ છું....

**– ડો. રાકેશ પરીખ, અમદાવાદ**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

## વિદ્યાથીઓને પરીક્ષા માટે માર્ગદર્શન



વિદ્યાર્થી મિત્રો, ચાલો બોર્ડની પરીક્ષાના ઉત્સવને આનંદપૂર્વક ઉજવીએ

ગુજરાતમાં ધોરણ બારની બોર્ડની પરીક્ષા શરુ થઇ રહી છે. અનેક વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણબોર્ડની પરીક્ષા આપવાના છે ત્યારે બોર્ડની પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને નમ્ર વિનંતી છે કે તેઓ બોર્ડની પરીક્ષાને દિવાળી, હોળી કે ઉત્તરાયણ જેવા તહેવારની જેમ જ આનંદ અને ઉલ્લાસથી તેની ઉજવણી કરે. આવી રીતે ઉજવણી કરવાથી બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થી કે તેના વાલી ઉપર બોર્ડની પરીક્ષાનો કોઈ ભાર કે તણાવ નહીં દેખાય. સૌ શાંત ચિત્તે આનંદભર્યા માહોલમાં પરીક્ષા આપશે. આખા વર્ષની તનતોડ મહેનત પછી વિદ્યાર્થીએ પોતાની આવડત, જ્ઞાન અને બુદ્ધિને બોર્ડની પરીક્ષાના ત્રાજવે તોલવાની છે. આ ત્રાજવું સહેજ ડાબી બાજુ નમે કે જમણી બાજુ – તેનાથી કારકિર્દીમાં બહુ મોટો ફર્ક પડવાનો નથી. બસ આટલું જ વિચારી લઈશું તો બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થી અને તેના પરિવારમાં ઉત્સાહ જળવાઈ રહેશે. ચાલુ શિક્ષણ વર્ષમાં કોવિડને કારણે વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડયો છે. બોર્ડ દ્વારા ૭૦% અભ્યાસક્રમને ઓછો કર્યો છે ત્યારે વિદ્યાર્થીઓ પુરતું અયોજન કરી અભ્યાસ કરશે તો ચોક્કસ સફળતા મેળવી શકશે.

બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓના વાલીઓને અરજ છે કે તેઓ પોતે પણ સમજે અને પોતાના બાળકને પણ સમજાવે કે "કોઈ પણ પરીક્ષા જિંદગીની આખરી પરીક્ષા હોતી નથી. આ પરીક્ષા પણ અન્ય પરીક્ષા જેવી જ છે અને તે પણ સારી રીતે પાર પડી જ જશે." આ પ્રકારનો આત્મવિશ્વાસ બાળકમાં ઉત્પન્ન કરશો અને વિદ્યાર્થીના સાચા માર્ગદર્શક કે પથદર્શક બનશો તેવી મારી હાર્દિક અપીલ છે.

**વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો :**

ઈશ્વરમાં શ્રધ્ધા રાખીને મહેનત કરો. મહેનતનો બીજો કોઈ શોર્ટકટ નથી – આ બાબત સમજીને સ્વીકારી લો. આયોજનપૂર્વકની ચોક્કસ દિશામાં કરેલી મહેનત જ સફળતા અપાવશે. વિનમ્ર બની તમારામાં રહેલી ઉણપોને દૂર કરો અને તેને દૂર કરવા હંમેશા પ્રયત્નશીલ રહો.

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આખું વર્ષ મહેનત કરી છે, તો પરીક્ષાના દિવસો દરમિયાન ખોટા ઉજાગરા ન કરો. અનેક પરીક્ષાઓ આપી છે, તો આ પરીક્ષાનો ખોટો ડર ન રાખો. પરીક્ષા આપો હસતાં...હસતાં. છેલ્લા સમયે IMP ક્યાંથી મળશે તેમાં સમય પસાર ન કરતાં પોતાના પર વિશ્વાસ રાખી મહેનત કરો.

ગોખણપટ્ટી કરવાને બદલે સમજીને યાદ રાખવાનો પ્રયત્ન કરો. શક્ય હોય તો એકાંતમાં વાંચો અને વાંચીને લખવાની પ્રેક્ટિસ કરો. લખવાની પ્રેક્ટિસથી વધુ યાદ રહેશે અને લખવાની ઝડપ વધશે. રિસિપ્ટનું ક્યારેય પણ લેમિનેશન કરાવવું નહીં. પરીક્ષામાં મોડા ન પડાય, માંદા ન પડાય, રિસિપ્ટ ખોવાઈ ન જાય તેની તકેદારી રાખો. ટાઈમટેબલમાં ગેરસમજ ન થાય તેની કાળજી રાખો.

**પરીક્ષાના આગલા દિવસે ધ્યાનમા રાખવાની બાબતો :**

તૈયારી કરવા માટે ટાઈમ ટેબલ બનાવો. નોટ્સ, ચાર્ટ, ડાયાગ્રામનું પુનરાવર્તન કરો. પાઠયપુસ્તકના સ્વાધ્યાય આધારિત પ્રશ્નોને સૌ પ્રથમ ન્યાય આપો. મહત્વના મુદ્દાઓને હાઈટલાઈટ કરીને રાખ્યા છે તેનું જ પુનરાવર્તન અને મનન કરો. રિવિઝન કરતી વખતે દરેક બાબતને પૂરેપૂરી ન વાંચતા મહત્વના મુદ્દાઓ પર નજર ફેરવો. સવારના સમયે આછા સૂર્યપ્રકાશમાં બેસીને વાંચવું ફાયદાકારક રહેશે. દરેક પ્રકરણને એક કલાકના સમયમાં સેટ કરો, જેમાં ૪૫ મિનિટ વાંચો અને ૧૦ મિનિટનો બ્રેક લો. પરીક્ષા સમયે બધું ભૂલી જવાશે તેવો ડર મનમાંથી કાઢી નાંખો કારણ કે આપણા મગજમાં બધું સ્ટોર હોય જ છે. નવું વાંચન કરવાને બદલે અગાઉ વાંચન કર્યું હોય તેનું પુનરાવર્તન કરો. મોડી રાત સુધી વાંચવાને બદલે વહેલી સવારનું વાંચન યોગ્ય રહેશે. ખાવામાં કાળજી લેવી ખૂબ જ જરૂરી છે.

**પરીક્ષાના દિવસે રાખવાની કાળજી :**

પરીક્ષા આપવા જતાં પહેલાં ઈષ્ટદેવ તેમ જ વડીલ સભ્યોના આશીર્વાદ લેવાનું ચૂકશો નહીં. પરીક્ષાના પહેલા દિવસે પરીક્ષા સ્થળે ઓછામાં ઓછા એક કલાક પહેલાં અને અન્ય દિવસોમાં અડધા કલાક પહેલાં પહોંચવું યોગ્ય રહેશે. પરીક્ષા માટે જરૂરી રિસીપ્ટ, પેન, પેન્સિલ, રબર, સ્કેલ, પારદર્શક પૅડ, પારદર્શક પાણીની બોટલ વગેરે લેવાનું ભૂલશો નહીં. રિસીપ્ટની ઝેરોક્ષ કઢાવી ઘરના સભ્યોને ખબર હોય તેવી જગ્યાએ રાખવી કે જેથી આકસ્મિક પરિસ્થિતિમાં મદદરૂપ બની શકે.

**પરીક્ષા ખંડમાં રાખવાની કાળજી :**

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

પરીક્ષાના આગલા દિવસે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડની રૂબરૂ મુલાકાત લો, જેથી પરીક્ષાના દિવસે કોઈ પણ પ્રકારની મુશ્કેલી કે દોડાદોડ ન થાય. પરીક્ષા ખંડમાં જતાં પહેલાં વૉશરૂમ જઈ આવવું, જેથી પરીક્ષા વખતે ખોટી દોડાદોડ ન થાય. પરીક્ષા આપતાં પહેલાં તમારી બેઠકની આજુબાજુમાં કોઈ પણ પ્રકારના પેપરના ટુકડા કે બૅન્ચ પર કોઈ પણ પ્રકારની લખાણ લખેલું નથી તે ચકાસી લેવું. આ પ્રકારની પરિસ્થિતિમાં તમે સુપરવાઈઝરને આ બાબતે જાણ કરી કરી શકો છો. પરીક્ષા દરમિયાન અન્ય વિદ્યાર્થીઓ સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવી નહીં. ઉત્તરવહીના મુખ્ય પાના પરની માહિતી ખૂબ જ કાળજી અને ચિવટપૂર્વક ભરો. તેમાં ભૂલ ન થાય કે ચેક–ચાક ન થાય તે બાબતે ચોક્કસ રહો. પરીક્ષા દરમિયાન ખૂબ જ વિનમ્ર રહો. સુપરવાઈઝર અને અન્ય સ્ટાફ મિત્રો સાથે નમ્રતાપૂર્વકનો વ્યવહાર કરો. ચાલુ પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની મુશ્કેલી પડે તો તુરંત જ સુપરવાઈઝરશ્રીને નિ:સંકોચપણે જણાવો. બારકોડ સ્ટીકર અને ખાખી સ્ટીકર લગાવવા બાબતે ચોક્કસ રહો. વૉર્નીંગ બૅલ પહેલાં પ્રશ્નપત્ર પૂરું કરવાનો પ્રયત્ન કરો. ત્યાર બાદના સમયમાં ઉત્તરવહી બાંધી, ઉત્તરવહી પરની વિગતો, વધારાની લીધેલ પુરવણીની ઉત્તરવહી સાથેનું ટોટલ તથા તમામ પ્રશ્નો લખાઈ ગયા છે કે કેમ તે ચકાસી લો.

**પ્રશ્નપત્ર લખતી વખતે રાખવાની કાળજી :**

પ્રશ્નપત્ર લખતી વખતે ઉત્તરવહીમાં માત્ર બ્લૂ પેનનો જ ઉપયોગ કરો, જરૂર જણાય તો પેન્સિલનો ઉપયોગ કરી શકાય. પ્રશ્નપત્ર હાથમાં આવે તે પહેલાં ઉત્તરવહી પરની તમામ વિગતો ભરવાનું કાર્ય પૂર્ણ કરો. પ્રશ્નપત્ર જોઈને ગભરાઈ ન જવું. પ્રશ્ન પૂછવાની રીત અલગ હોઈ શકે આથી તણાવમાં આવ્યા વગર ધીરજપૂર્વક પ્રશ્ન વાંચો અને આવડતા પ્રશ્નને સૌ પ્રથમ લખો. પ્રશ્નપત્ર એકવાર વાંચી લો અને આવડતા પ્રશ્નના જવાબો પહેલાં લખો. જવાબ લખવામાં ટાઈમ લિમીટ બાંધો. પ્રશ્નને યોગ્ય રીતે વાંચો અને તેને અનુરૂપ મુદ્દાસર જવાબ આપો. બિનજરૂરી અને યોગ્ય ન હોય તેવું લખાણ લખી ખોટા પાના ન ભરશો. ઉત્તરવહીમાં યોગ્ય હાંસિયો છોડીને લખવાનું રાખો. સવાલને બરાબર સમજો, વિચારો અને ત્યાર બાદ મુદ્દાસર લખવાનું શરૂ કરો. અઘરા લાગતા તેમ જ ન આવડતા પ્રશ્નોના પણ જવાબ લખવા જોઈએ. કોઈ પણ સવાલ છોડવા ન જોઈએ. એક વાર લખવાનું શરૂ કરશો એટલે બધું યાદ આવવા લાગશે. સ્વસ્રતા જાળવો, બિનજરુરી ચેકચાક ન કરો.

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

**વાલીઓ જરા સંભલકે :**

તમારા બાળકને વાંચવા માટે યોગ્ય જગ્યા, એકાંત તથા શાંતિવાળુ વાતાવરણ મળે તેવી વ્યવસ્થા કરો. સંબંધીઓ શુભેચ્છા આપવા જઈને વિદ્યાથીઓનો સમય ન બગાડે તેની કાળજી રાખો. વધુ પડતી અપેક્ષાઓનું બિનજરુરી ભારણ બાળકો પર નાંખશો નહી. તમારા બાળકની ક્ષમતા તમે જાણો છો તેથી વધારે પડતી આશા ન રાખો. બાળકને વારંવાર ટોકટોક ન કરો. નેગેટીવ બાબતો વારંવાર કહી તેને માનસિક ત્રાસ ન આપો. તેના માર્ગદર્શક બનો. મિત્ર બનો.

સર્વે પરીક્ષાર્થી મિત્રોને પરીક્ષામાં જ્વલંત સફળતા માટે હ્રદયપૂર્વની શુભેચ્છાઓ.

**– પરેશ એચ. શાહ, માધ્યમિક શિક્ષણ બોર્ડ કાઉન્સિલર, વડોદરા**
**મો. ૯૨૨૭૧ ૦૪૮૯૬**

**કરો સંકલ્પ**

સંકલ્પ કરો કે રોજ એક ગાયને ચરું,
કામ હંમેશા સફળ થશે તમારું,
સંકલ્પ કરો કે ધ્યાન રાખું અબોલ જીવનું,
પ્રભુ ધ્યાન રાખશે દરેક સજીવનું,
સંકલ્પ કરો કે આપશું વડીલને માન,
પ્રભુ અપાવશે તમને શાન,
સંકલ્પ કરો કે વાવશું છોડ,
પ્રભુ તમને આપશે બધી મુશ્કેલીનો તોડ,
સંકલ્પ કરો કે રોજ કરશું પ્રભુની સેવા,
પ્રભુ જરૂર આપશે તમને એના મેવા.

સાર :– પ્રભુએ આપણને જે આપ્યું છે તેનું વળતર આપણે ક્યારેય ચૂકવી શકવાના નથી. તેથી શુભ દિવસે એક સંકલ્પ કરો અને તે સંકલ્પને પાળી આપણે પ્રભુનો આભાર વ્યક્ત કરવો જોઈએ. તો હવેથી ચોક્કસ કોઈ સંકલ્પ કરજો અને કહેજો.... જય શ્રી કૃષ્ણ

**માન્ય અતુલ પરીખ વય : ૧૧ વર્ષ અમદાવાદ.**

## આગામી સમયના શુભ વિચારો



અત્યારનો સમય આપણા સૌ માટે પરીક્ષાનો સમય છે, આપણી જીવનશૈલી સારી રાખીશું તો ચોક્કસ આ પરીક્ષામાં સફળતા મેળવી શકીશું, તો નાહકની ચિંતા કર્યા વગર આપણે સુરક્ષિત રહેવું અને તે માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ. સુરક્ષિત રહેવા માટે શારિરીક રીતે વિવિધ ઉપાયો તો આપણે કરી જ રહ્યા છીએ, સાથે સાથે આપણા વિચારોમાં પણ હકારાત્મક પરિવર્તન કરવું જરૂરી છે. હકારાત્મક વિચારો માટેના વિવિધ ઉપાયો તો આપણને ખબર છે. નિયમિત પુરતી ઉંઘ લેવી, રોજ યોગાસન – પ્રાણાયામ કરવા, સારા પુસ્તકો નું વાંચન કરવું, હળવું સંગીત સાંભળવું, પોઝિટિવ વિડિયો જોવા, ક્રિએટિવ એક્ટીવીટી કરવી વિગેરે. આજે અહીં આપણને સૌ ને અસરકારક એવા શુભ વિચારોની કલ્પનાઓ કરવામાં આવી છે, જેનાથી આપણા વિચારો માં હકારાત્મક પરિવર્તન થાય.

**ભારત બન્યું, કોરોના મુક્ત રાષ્ટ્ર**

વિશ્વ ભરમાં તથા ભારતમાં પણ જેણે આતંક મચાવ્યો હતો તે, કોરોના વાયરસ હવે નાબુદી ના આરે આવી ગયો છે. હવે જ્યારે ભારતમાં ૧૦૦% લોકો ને વેક્સિન ના બંને ડોઝ લગાવવામાં આવ્યા છે ત્યારે, હાલમાં કોરોના ના એક પણ નવા કેસ મળી રહ્યા નથી, જેથી લોકો માં આનંદની લાગણી પ્રવર્તી રહી છે.

**હોસ્પિટલ ની જગ્યાએ હવે મંદિરો માં ભીડ ઉમટી.**

એક સમય હતો જ્યારે લોકો ની હોસ્પિટલ બહાર લાઈનો લાગતી હતી પણ અત્યારે જ્યારે પેલા છુપા દુશ્મન નો ખાત્મો થઈ ગયો છે ત્યારે હવે દરેક હિન્દુઓ પોતાના મંદિરોમાં દર્શન કરવા ઉમટી પડ્યા છે તથા તેમણે માનેલી માનતા પુરી કરી રહ્યા છે. અત્યાર સુધી ભગવાન ના દર્શન થી અલિપ્ત રહ્યા બાદ અત્યારે લોકો ની ભગવાન પ્રત્યે ની આસ્થા માં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. લોકોને ભગવાન ખુબ જ અદ્ભૂત દર્શન આપી રહ્યા છે, તથા આશિર્વાદ પણ આપી રહ્યા છે.

**ઉત્સવો ની ઉલ્લાસ ભેર ઉજવણી**

હિન્દુઓ અત્યાર સુધી ઉત્સવો ની છેલ્લા બે વર્ષથી ઉજવણી સારી રીતે ન હતા કરી શક્યા. ત્યારે અત્યારે કોરોના ના અંત પછી હિન્દુઓ તેમના દરેક ઉત્સવો ની ઉલ્લાસભેર ઉજવણી કરી રહ્યા છે. રથયાત્રા, નવરાત્રી, દિવાળી , બેસતું વર્ષ, દરેક તહેવાર ની હિન્દુઓ એક નવા ઉત્સાહ થી ઉજવણી કરી રહ્યા છે. સાથે સાથે લગ્ન પ્રસંગ અને

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

જન્મદિવસ પણ પોતાના સગાંવહાલાં સાથે આનંદદાયક રીતે મનાવવામાં આવી રહ્યો છે.

**પ્રસુતિ ગૃહો માં અનેક નવી આશાઓ નો જન્મ**

એક સમયે મિડિયા માં સ્મશાન ગૃહ માં લાઈન ના સમાચારો છપાતા હતા, જ્યારે કે આજે ઘણા બધા પ્રસુતિ ગૃહો માં લાઈનો જોવા મળી રહી છે. રોજેરોજ અનેક નવી આશાઓ, નવા ભવિષ્ય નો જન્મ થઈ રહ્યો છે, જેથી કોરોના માં ગુમાવેલા પિતૃઓ જાણે ભગવાન પરત આપી રહ્યા છે, તેવો અહેસાસ થઈ રહ્યો છે.

**પ્રકૃતિ પ્રેમ માં વૃધ્ધિ**

કોરોનાના ગયા પછી હવે લોકો માં પ્રકૃતિ પ્રેમ માં વધારો થયેલો જોવા મળી રહ્યો છે, હવે લોકો ઘરમાં, આંગણાં માં તો નાના છોડ તુલસી, કુંવારપાઠું, મનીપ્લાન્ટ તો ઉગાડી રહ્યા છે, સાથે જ લોકો તેમની સોસાયટીમાં, કોમન પ્લોટમાં, ગાર્ડન માં પણ નવા વૃક્ષો નું વાવેતર તથા જતન પણ કરી રહ્યા છે. એક રીતે તેઓ નવા "ઓક્સિજન પાર્ક" નું નિર્માણ કરી રહ્યા છે. લોકો તથા હવે ની નવી પેઢી પણ પ્રકૃતિની મહત્તાને સમજતા થયા છે. ટુ વ્હીલર તથા ફોર વ્હીલર ની જગ્યાએ લોકો હવે ધીમે ધીમે દર અઠવાડિયે એક વાર સાયકલનો ઉપયોગ પણ કરી રહ્યા છે.

**માનવતા મહેકી ઊઠી**

જ્યારથી લોકોના જીવન માં સોના નો સુરજ ઊગ્યો છે, ત્યારથી લોકો માં માનવતા પણ મહેકી ઉઠી છે. આપણા સૌના કપરા સમયમાં આપણને સેવા આપનાર ઘણા બધા લોકો પ્રત્યે લોકોમાં આભારની લાગણી પ્રવર્તી રહી છે. આર.એસ.એસ.ના દેશપ્રેમી સ્વયં સેવકો એ કપરા સમયમાં હોસ્પિટલમાં, સ્મશાનમાં, લોકડાઉનમાં ઘણી બધી મદદ કરી છે ત્યારે આજે લોકો તેમનો ખુબ ખુબ આભાર માની રહ્યા છે તથા હવે જ્યારે બધું યથાવત થયું છે ત્યારે લોકો પણ પોતાને મદદ કરનાર વ્યક્તિઓને બીજા જરૂરીયાતમંદ લોકોની મદદ કરવા માટે યોગ્ય આર્થિક ઉપરાંત શારિરીક મદદ કરવાની પણ તૈયારી દર્શાવી રહ્યા છે, સાથે સાથે દરેક વ્યક્તિ કપરાં સમયમાં સેવા આપનાર તમામ ડોક્ટર્સ, નર્સિસ, હેલ્થ વર્કર્સનું સન્માન કરી તેમનો આભાર માની રહ્યા છે.

**હકારાત્મક વિચાર**

"શરીર અને મન માં સંકલ્પ લો. ખુદને કહો – હું સ્વસ્થ છું, હું ખુશ છું, હું શક્તિશાળી છું. આ સંકલ્પ ને રિપીટ કરીને આપણે વાતાવરણ ની ઊર્જા ને બદલવાની છે. હકારાત્મકતા લાવવાની છે." – શિવાની દીદી, બ્રહ્માકુમારી.

**– રિપલકુમાર પરીખ, અમદાવાદ, મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

## વિશા વાયડા વણિક પંચ, ભરુચ – વાયડ માતાનું મંદિર – ભૂમિ પૂજન

ભરૂચમાં બંધાનાર વાયડ માતાજી મંદિરનું ભૂમી પૂજન તા. ૧૪–૫–૨૦૨૧ અખાત્રીજના પવિત્ર દિવસે સવારના ૯ થી ૧૦ મુર્હુત દરમ્યાન સંપન્ન થયું છે. વિધીમાં જ્ઞાતીના ટ્રસ્ટી આસિતભાઈ તથા તેમના ધર્મપત્ની દીપીબેન તોલાટને જ્ઞાતિના મહારાજ શ્રી યોગેશભાઈએ મંત્રોચ્ચાર કરી ભૂમિપૂજન વિધી સંપન્ન કરાવી. કોરાનાને કારણે

જ્ઞાતિજનોને મોબાઈલ મારફત જાણ કરવામાં આવી હતી.

વાયડામિત્રના એપ્રિલ માસના અંકમાં આવેલ અપીલને ધ્યાનમાં લઈને બંધાનાર નવા માતાજીના મંદીરમાં જ્ઞાતિજનોએ સારો સહકાર આપી દાતાઓએ પોતાનો ફાળો બેંકમાં જમા કરાવેલ છે જેની યાદી નીચે પ્રમાણે છે તેમનો ટ્રસ્ટીશ્રીઓ તથા જ્ઞાતિજનો હ્દયપૂર્વક આભાર માને છે.

### ૨૨ મે, ૨૦૨૧ સુધીની ભેટ

| | | |
|---|---|---|
| કિશોરભાઈ એન. પરીખ | ભરૂચ | ૧૦૦૦૦/– |
| આર. વી. જવેલર્સ | ભરૂચ | ૨૫૦૦૦/– |
| વિપુલભાઈ સી. દલાલ | ભરૂચ | ૨૫૦૦૦/– |
| આસિતભાઈ વાય. તોલાટ | ભરૂચ | ૨૫૦૦૦/– |
| હેમંતભાઈ આર. મારફતીયા | ભરૂચ | ૧૨૫૦૦/– |
| કામીનીબેન હેમંત મારફતીયા | ભરૂચ | ૧૨૫૦૦/– |
| ડો. પિયુષભાઈ એન. પરીખ | ભરૂચ | ૧૫૦૦૦/– |
| પરાગભાઈ એસ. ગાંધી | ભરૂચ | ૧૦૦૦૦/– |
| ગાર્ગીબેન કશ્યપભાઈ શાહ | વડોદરા | ૧૧૧૧૧/– |
| કાર્તિક સનતભાઈ શાહ | મુંબઈ | ૨૧૦૦૦/– |
| ગીતાબેન સનતભાઈ શાહ | મુંબઈ | ૨૧૦૦૦/– |
| જયોતિન્દ્રભાઈ ભૂતવાલા | અમેરિકા | ૧૧૦૦૦/– |
| અશ્વિનભાઈ જે. મરચન્ટ | મુંબઈ | ૧૦૦૦૦/– |
| ડી.એસ. હાટડીઆ | સુરત | ૧૦૦૦/– |
| ચિત્તરંજનભાઈ અનંતલાલ શાહ | મુંબઈ | ૫૦૦૦૧/– |
| નયનભાઈ ચિત્તરંજન શાહ | મુંબઈ | ૧૦૦૦૧/– |
| બેલાબેન નયનભાઈ શાહ | મુંબઈ | ૧૦૦૦૧/– |

**અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.**

| | | |
|---|---|---|
| કૌશિકભાઈ નયનભાઈ શાહ | મુંબઈ | ૧૦૦૦૧/– |
| ડો. નિરાલીબેન કૌશિકભાઈ શાહ | મુંબઈ | ૧૦૦૦૧/– |
| શ્રી ક્રિશાંગ કૌશિકભાઈ શાહ | મુંબઈ | ૧૦૦૦૧/– |
| અનંતલાલ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ | મુંબઈ | ૧૦૦૦૧/– |
| દિપકભાઈ એમ. શાહ | અમદાવાદ | ૧૦૦૦૦/– |
| કશ્યપભાઈ એન. શાહ | ભરૂચ | ૧૨૫૦૦/– |
| મેહુલભાઈ એન. શાહ | ભરૂચ | ૧૨૫૦૦/– |
| શોભનભાઈ અરુણભાઇ મારફતીયા | મુંબઈ | ૫૦૦૦૦/– |
| ઉપેન્દ્રભાઈ વદનભાઈ શેઠ હ. નીરવભાઈ | મુંબઈ | ૫૦૦૦૧/– |
| ધીરેનભાઈ સુરેન્દ્રભાઈ મારફતીયા હ.મયંકભાઈ | અમદાવાદ | ૧૫૦૦૦/– |
| સ્વ. કુ. જયોત્સાબેન હસમુલાલ મારફતીયા | વડોદરા | ૧૦૦૦૦૦/– |
| સ્વ. સંજયભાઈ હસમુખભાઈ મારફતીયા | વડોદરા | ૧૦૦૦૦/– |
| મુકેશભાઈ હસમુખભાઈ મારફતીયા | વડોદરા | ૧૦૦૦૦/– |
| ડો. સુરેન્દ્રભાઈ દલાલ | ભરૂચ | ૧૫૦૦૦/– |
| મહાપ્રકાશભાઈ હસમુખભાઈ મારફતીયા | વડોદરા | ૬૦૦૦૦/– |
| સ્વ. પ્રવિણચંદ્ર હસમુખલાલ મારફતીયા | વડોદરા | ૨૦૦૦૦/– |
| પરેશભાઈ સુરેન્દ્રભાઈ કિનખાબવાલા | મુંબઈ | ૫૦૦૦/– |
| શ્રી સમસ્ત વાયડા સ્ત્રી સમાજ, મુંબઈ | મુંબઈ | ૩૫૦૦૦/– |
| હ. સુધાબેન અશ્વિનભાઈ મરચન્ટ | | |
| ઉમેશભાઈ એસ. નગરશેઠ | અમદાવાદ | ૫૦૦૦/– |

ભરૂચમાં જ્ઞાતિજનોની વસ્તી ઓછી હોઈ તથા ઘણા કુટુંબો બહારગામ શીફ્ટ થઈ ગયા અને ભગીરથ કાર્ય ફક્ત ભરૂચના જ્ઞાતિજનો માટે શકય નથી.

અંતમાં ભરૂચ તથા બહારગામ વસતા જ્ઞાતિજનોને મંદિરના બાંધકામમાં યોગ્ય સહાય આપવા અપીલ કરવામાં આવે છે ફાળો જમા કરાવવા માટે નીચે આપે બેંકમાં જમા કરાવી શકો છો.

વિશા વાયડા વણિક પંચ – Visha Vayda Vanik Panch

A/c No. - 02200100025895

**મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.**

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

IFSC CODE : BARB0BROACH (Fifth Character is zero)

BANK OF BARODA, BHARUCH MAIN BRANCH

**ટ્રસ્ટીશ્રીઓના નામ**

**મહેન્દ્ર આર. ચોકસી – ૯૮૯૮૦ ૨૬૦૪૫**

**વિપુલ ચીમનલાલ દલાલ – ૯૮૨૪૦ ૫૨૨૩૨**

**હેમંત આર. મારફતીયા – ૯૮૨૫૦ ૨૬૦૦૭**

**આસિત વાય. તોલાટ – ૯૮૨૪૪ ૬૩૬૧૩**

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ
## મેડિકલ કૂપન વિતરણ

(૧) શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી મેડીકલ કુપન ૬૦૦૦ રૂ ની મેડીકલ કુપન.

(૨) સ્વ. જયંતીલાલ બાબુભાઈ પરીખ તથા સ્વ. મેનાબેન જયંતીલાલ પરીખના સ્મરણાર્થે હ. વિપુલભાઈ પરીખ તરફથી ૧૦૦૦ રૂા. ની મેડીકલ કુપન.

(૩) સ્વ. રસીકલાલ ચીમનલાલ શાહ તથા સ્વ. રેણુકાબેન રસીકલાલ શાહના સ્મરણાર્થે તેમના પરીવાર તરફથી ૧૦૦૦ રૂા. ની મેડીકલ કુપન.

(૪) સ્વ. હીરાબેન નટવરલાલ શાહ તથા સ્વ. રક્ષાબેન હરીશભાઈ શાહના સ્મરણાર્થે હ. લીનાબહેન તરફથી ૧૦૦૦ રૂા. ની મેડીકલ કુપન.

(૫) સ્વ. પ્રભાલક્ષ્મીબેન મોહનલાલ પરીખ ટ્રસ્ટ સ્વ. મોહનલાલ અચરતલાલ પરીખના સ્મરણાર્થે ૧૦૦૦ રૂા. ની મેડીકલ કુપન.

(૬) સ્વ. મંગુબેન પ્રાણલાલ હરિવલ્લદાસ પરીખ ટ્રસ્ટ તરફ ૧૦૦૦ રૂા. મેડીકલ કુપન.

**પ્રમુખ – રમેન્દ્ર જે. પરીખ**

**મંત્રી – રૂપેશભાઈ એચ. શાહ**

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# – અને જ્ઞાતિના તેજસ્વી સિતારા ખરી પડ્યા



## ડો. કલ્પેશભાઈ સૂર્યકાંતભાઈ પરીખ

**જન્મ: ૯/૧૧/૬૪ સ્વર્ગવાસ: ૧/૫/૨૧**

જ્ઞાતિના સમારંભોમાં પડઘાતો અવાજ ગુજરાત દિને જ સ્થિર થઈ ગયો અને વૈકુંઠ તરફની યાત્રા માટે પ્રયાણ કરી ગયો.

સરળ સ્વભાવ, માર્મિક હાસ્ય પાછળનું ગાંભીર્ય, મૃદુભાષી, પ્રેમસભર વ્યક્તિત્વ–આ તેમના જમા પાસાં હતા. વ્યવસાયિક રીતે કર્મઠ અધ્યાપક, કુશળ વહીવટકર્તા અને વિદ્યાર્થીગણ તેમજ સહકર્મચારીઓના માનીતા હતા. તેઓ લોકપ્રિય અધ્યાપક હતા. અધ્યાપક હોવું અને વળી લોકપ્રિય હોવું એ જેવી તેવી વાત નથી.

તેમનો જન્મ મહેસાણામાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પાટણ અને ગોઝારીયાની શાળાઓમાં લીધું. અમદાવાદની સ્કૂલ ઓફ સાયન્સમાંથી M.Sc. કર્યું અને ત્યારબાદ Analytical Chemistry માં Ph.D. કર્યું. ૧૯૮૮માં તેઓ પીલવાઈ સાયન્સ કોલેજમાં પ્રોફસર તરીકે જોડાયા. ડિસે–૨૦૦૪માં પાટણની શેઠ એમ. એન. સાયન્સ કોલેજમાં આચાર્ય તરીકે જોડાયા. આ તેમના જીવનનો વળાંક હતો. ૨૦૧૬માં તેઓ અમદાવાદની સી.યુ.શાહ સાયન્સ કોલેજમાં આચાર્ય નિમાયા.

કલ્પેશભાઈ ૫૬ વર્ષે યુવાન જ હતા. યુવાન જેવી સ્ફૂર્તિ અને ઉત્સાહ અને ધગશ તેમનામાં તરવરતા. તેમને શિક્ષણક્ષેત્રે ઘણું કરવાની ઈચ્છા હતી.

ભણાવવાની તેઓની એક આગવી સ્ટાઈલ હતી. તેમની સેન્સ ઓફ હ્યુમર ગજબની હતી. શિસ્તની સાથે સ્વતંત્રતામાં પણ તેઓ માનતા હતા. તેમણે વિદ્યાર્થીઓમાં સાચો રસ લીધો અને વિજ્ઞાનના વિષયને સરળ બનાવીને તેઓમાં ઉત્સાહ જગાવ્યો. કદાચ એટલે જ તેઓ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તેમજ વાલીગણના માનસપટ પર એક વિશેષ સ્થાન

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

પ્રાપ્ત કરી શક્યા હતા.

તેમની સરળ શૈલી, કામ કરવાની કળા અને આગળી સૂઝબૂઝથી પ્રશ્નોનું નિરાકરણ કરી શકવાની આવડતે લોકપ્રિય બનાવ્યા હતા. તેઓ સંસ્થાના વડા હતા. કોઈ પણ વ્યક્તિ ગમે ત્યારે તેમને મળી શકતા. સંસ્થાના વિકાસ માટે તેઓનું યોગદાન અભૂતપૂર્વ હતું. તેમનો સકારાત્મક અભિગમ અને અન્યને શાંતિથી સાંભળવાની કલા – ધીરજના ગુણે તેમને સફળતા અપાવી.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં તેમના ૨૩ પેપર્સ પ્રકાશિત થયા હતા. તેઓ અમેરિકાની ઈલીનોઈ નોર્થ વેસ્ટર્ન યુનિ. સાથે સંકળાયેલા હતા. એપ્રિલ – ૨૦૧૭માં બેંગકોંકમાં તેમણે વર્લ્ડ રીસર્ચ જર્નલ્સ કોંગ્રેસમાં પેપર રજૂ કર્યું હતું.

કોરોનાના સમયમાં પણ એપ્રિલ ૨૦૨૦માં ‘યુવા’ સંસ્થાના વિજ્ઞાનના વિદ્યાર્થીઓને કેરીઅર ગાઈડન્સ પર ઓનલાઈન લેક્ચર થકી માર્ગદર્શન આપેલ. પ્લાનીંગ, પ્રીપરેશન અને એક્ઝીક્યુશન – એ તેમના વહીવટનો અગત્યનો ભાગ હતો. તેમના માર્ગદર્શન હેઠળ વીસ વિદ્યાર્થીઓએ સફળતાથી Ph.D.ની થિસીસ પૂરી કરી હતી. તેઓ આચાર્ય સાથે રીસર્ચ ગાઈડ પણ હતા.

તેઓ સોળ વર્ષ આચાર્ય તરીકે રહ્યા. તેમની ઊંડી સૂઝ, તર્કશક્તિ અને વિચારોની પરિપક્વતાને કારણે સમાજમાં બધી જ જગ્યાએ ઉપયોગી થઈ પડયા હતા. અમદાવાદમાં તેઓ સાડા ચાર વર્ષથી જ હતા. પરંતુ તમામ વર્ગના હૃદયમાં તેમનું સ્થાન અંકિત થઈ ગયું હતું. સમીરી વણિક સમાજના તેઓ ઉપ–પ્રમુખ હતા. અને કાર્યક્રમોમાં તેમનો અવાજ અસ્ખલિત પણે વહેતો હતો. તેમણે કોરોના અવેરનેસના ઘણા કાર્યક્રમ કર્યા હતાં.

કોરોનાને કારણે તેમની અણધારી વિદાયથી પત્ની અને બે સંતાનોના પરિવારને જ નહીં પણ સમીરી વણિક સમાજ અને સમગ્ર વાયડા વણિક જ્ઞાતિને ખોટ પડી છે.

પ્રભુ તેમને પોતાના ચરણોમાં સ્થાન આપે તેવી અભ્યર્થના.

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.



## ડો. ભાવેશ અશોકકુમાર કિનખાબવાલા

**જન્મ: ૨૫/૦૫/૭૮ સ્વર્ગવાસ: ૧૦/૫/૨૧**

ભાવેશ કોઈ અલગ દુનિયાનો જીવ હતો. ઉચ્ચ કોટીનો આત્મા જેણે મધુરીબહેન અને અશોકભાઈને ઘેર જન્મવાનું પસંદ કર્યું. જ્ઞાન એ તેનો માર્ગ હતો. તેણે ઘણું બધુ હાંસલ કર્યું અને દુર્ભાગ્યથી ઘણું બધું હાંસલ કરવાનું બાકી પણ રહી ગયું. દુન્યવી રીતે ઉચ્ચ શિક્ષણ લીધું પણ અંદરનો આત્મા કાંઈક બીજું જ વિચારતો હતો. ભારતભરમાં જે કોઈ ‘વિચારી’ ન શકે એવું તો તેણે ‘કરી’ બતાવ્યું. શંકરાચાયના અદ્વૈતવાદ પર Ph.D. કરવુ એ કોઈ જેવી તેવી વાત નથી. આજના ભૌતિકવાદમાં આવી ફિલોસોફીનો અભ્યાસ ઊંડેથી કરવો એ કાંઈ રમત વાત નથી આ વિષય પર ઉચ્ચકોટીના વિદ્વાનો સમક્ષ પ્રેઝન્ટેશન કરવું એ સાચે જ ગરીમાનો વિષય છે.

તે બહુ જ ઉદાર જીવ હતો. ૨૦૧૯માં વાયડમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તેના સદભાગી કાર્યમાં સહભાગી બનવાનો આનંદ મળેલો. તેણે બસો જોડી સ્લીપર્સ મોકલ્યા હતા જે વાયડ ગામના બાળકોને આપવામાં આવ્યા હતાં. આ યુવાનની કરૂણા તો જુઓ ! ઉનાળાના બળબળતી બપોરે શહેરની આસ્ફાલ્ટની સડકો પર ખુલ્લા પગે ઘૂમતા નિરાધાર બાળકોને સ્વહસ્તે ચંપલ પહેરાવતો. આ ઉપરાંત છેલ્લા ૧૭ વર્ષથી નિયમીત રીતે દર ત્રણ માસે ‘પ્રથમા’ માં તે રક્તદાન કરતો હતો. તે મ જ જરૂરિયાતવાળા દર્દીને રક્ત આપવા પહોચી જતો. અંધજનમંડળ, અપંગમાનવ મંડળ તેમ જ વૃધ્ધાશ્રમમાં જઈને હૂંફ તેમ જ નાણાકીય મદદ પૂરી પાડતો હતો. એના આ પાસાથી આપણે અજાણ હતા.

તે જ્ઞાનમાર્ગનો પ્રવાસી હતો, કર્મની સમજણ હતી અને કદાચ આજ તેની ભક્તિ હતી. આમ આ ત્રિવેણી સંગમનો તેના જીવનમાં સમન્વય થયો હતો.

B.Com, L.L.B., C.S., I.C.W.A. C.A. (Inter), M.B.A, Ph.D. - આટલો ઉચ્ચ અભ્યાસ પછી પણ તેને ખૂબ આગળ વધવું હતું. હીટાચી કંપનીમાં કંપની સેક્રેટરી અને લીગલ હેડનો હોદ્દો તો ભૌતિક દુનિયાના એક ભાગ રૂપે જ હતો પણ સતત નવું વાંચતા રહેવું. વિચારતા રહેવું, સતત અભ્યાસ કરતા રહેવું – એ જ તેનો મુખ્ય ધ્યેય

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

હતો.

સપ્ટે. ૨૦૧૫માં Ph.D. માટે ગુજ. યુનિ.માં એડમીશન લીધું ત્યારે તેના ગાઇડ અચંબિત થઈ ગયા. તે કોઈ પણ કમર્શિયલ વિષય પસંદ કરીને ભૌતિક સૂખો પ્રાપ્ત કરી શક્ત પણ શંકરાચાર્યના અદ્વૈતવાદ પર Spirituality and Management જેવો અઘરો વિષય પસંદ કર્યો. સતત ત્રણ વર્ષનો અભ્યાસ, ભારતભરના ધાર્મિક સ્થળોની મુલાકાત, દૂર આંતરિયાળ જંગલમાં વસતા મહાત્માઓ પાસેથી મેળવેલી અદ્વૈતની સમજ, કઠોર પરિશ્રમ, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ વિવિધ પ્રસિદ્ધ પામેલા ૨૨ સંશોધનપત્રો, ૧૭ સંશોધનપત્રોનું રૂબરૂ પ્રેઝેન્ટેશન, જુદી જુદી I.I.M સંસ્થાઓમાં જૂના સનાતન વિષયની નવીનતમ રજૂઆત – આ બધું તેની સફળતાનો એક ભાગ હતો. ભારતભરમાં આ વિષય પર ડોક્ટરેટ કરનાર તે જ એક માત્ર વ્યક્તિ છે.

ભૌતિક આનંદને અતિક્રમીને જ્ઞાનના આંતરિક આનંદને તેણે જીવનનું ધ્યેય માન્યુ. તેણે તત્ત્વજ્ઞાનના સાધનથી જિંદગીનું ઉર્ધ્વીકરણ કર્યું. તત્ત્વજ્ઞાન તો સાધન હતું. સાધ્ય જીવનને ઉચ્ચકક્ષાએ લઈ જવાનું હતું.

સ્વાભાવિક છે કે તેના કુટુંબ પર વજ જેવો આઘાત આવી પડયો છે. કોરોનાની મહામારીએ ભાવેશ જેવા કાંઈક આશાસ્પદ યુવાનોનો ભોગ લઈ લીધો છે. જીવનની શરૂઆત થાય તે પહેલાં જ સમાપ્ત થઈ ગયું.

જ્ઞાતિએ એક હોનહાર યુવાન ગુમાવ્યો છે. પ્રભુ તેને પોતાના ચરણોમાં સ્થાન આપશે એ નિશ્ચિત છે.

---

અકાળે ખરી પડેલ જ્ઞાતિના આ બંને તેજસ્વી સિતારાઓને આપણે શ્રધ્ધા–સુમન અર્પણ કરીએ છીએ અને તેઓ પ્રભુચરણોમાં સ્થાન પામે તે જ આપણા સૌની અભ્યર્થના. **– તંત્રી**

**–– આલેખન : હિમાંશુ શાહ, મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

## નોંધ

હાલમાં કોરોનાનો ખૂબ જ કપરો કાળ ચાલી રહેલ છે અને આપણે જ્ઞાતિના ઘણા સભ્યોને કોરોનાના કારણે અકાળે ગુમાવેલ છે જે અતિશય દુ:ખદ બાબત છે. અમે વાયડામિત્ર પરિવાર અને સંપૂર્ણ જ્ઞાતિ તરફથી શ્રીનાથજી બાવાને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે તેઓને તેમના ચરણોમાં સ્થાન આપે અને તેમના પરિવાર ઉપર આવી પડેલ અકલપ્ય દુઃખ / આઘાત સહન કરવાની શક્તિ આપે.

જ્ઞાતિના દરેક સભ્યને સંપૂર્ણ જાણકારી હોવા છતાં વાયડામિત્ર પરિવાર અને જ્ઞાતિજનો તરફથી દરેકને નમ્ર અપીલ છે કે પોતે અને પોતાના પરિવાર દ્વારા સરકારી ગાઈડ લાઈન તથા તબીબોની સલાહ સૂચનોનું સંપૂર્ણ પાલન કરે અને વેક્સીન લેવાની બાકી હોય તો તાકીદે પરિવારના બધા જ સભ્યોને વેક્સીન લેવાનું કાર્ય પૂર્ણ કરે જેથી આપણે બધા સાથે રહીને આ મહામારીનો યોગ્ય સામનો કરી તેને હરાવી શકીએ.

**– સમાચાર સંપાદક**

## એસ. જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

આ ટ્રસ્ટ જાહેર હિતના કામો માટે પોતાની આવકની મર્યાદામાં રહીને નાણાંકીય સહાય કરે છે. તેના એક ભાગરૂપે ઓછી આવક ધરાવતાં કુટુંબોને તેમનાં સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે તથા કુટુંબના સભ્યની ખર્ચાળ તબીબી સારવાર માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે. આવકના કશાય સાધન વિના એકાકી જીવન ગુજારતા વૃદ્ધોને પણ સહાય આપવામાં આવે છે. આ હેતુઓ માટે જેમને સહાયની જરૂર હોય તેમણે જરૂરી વિગતો અને પ્રમાણોની ફોટો કોપી તા. ૩૦–૯–૨૦૨૧ સુધીમાં એસ.જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગૌરાંગ રમેશભાઈ શાહ, ૨૦૨–ઘનશ્યામ એવન્યુ, નવા શારદા મંદીર સ્કુલ સામે, પાલડી, અમદાવાદના સરનામે મોકલવી. સહાય આપવી કે કેમ અને કેટલી જ આપવી તે અંગેનો ટ્રસ્ટીઓની નિર્ણય આખરી ગણાશે.

**– ગૌરાંગ શાહ**

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

## RECEIPTS TILL 24 MAY, 2021

| R.No. | Person name | Amt. | Place | Towardswhich |
|---|---|---|---|---|
| 1353 | MAHESHBHAI KUNWARJI GOPALDAS SHAH | 650 | Ahmedabad | DiwaliAdv. |
| 1354 | SUBHASH M SHAH | 800 | Ahmedabad | Penal Adv. |
| 1355 | ASHWINBHAI LAXMIDAS SHAH | 2900 | Kutch | Diwal Adv, penal Adv |
| 5 | RONAK SHAH | 400 | Kutch | Adv. |
| 6 | PRERNABEN KIRITBHAI PARIKH | 2400 | Mumbai | Panel Adv |
| 7 | MEHUL SANJAYBHAI MARFATIA | 1600 | | Adv |

following Amount Outstanding in suspence account as details not available. Please, the senders are requested to provide details to Vyvasthapak. so that, receipts can be issued.

| DATE | CHEQUE NO. | AMOUNT |
|---|---|---|
| 4/27/2020 | 33 | 600 |
| 6/24/2020 | | 400 |
| 9/27/2020 | 404105 | 650 |
| 11/6/2020 | | 400 |
| 11/23/2020 | | 400 |
| 11/25/2020 | 904383 | 650 |
| 12/14/2020 | | 1300 |
| 2/26/2021 | | 1250 |
| 3/27/2021 | | 800 |

– **વ્યવસ્થાપક**

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ

વડોદરા : મૂળ પાટણના (હાલ વડોદરા રહેતા) મોનાર્ક બંદિશ નંદકુમાર પારેખે ડીડીયુ કોલેજ નડીયાદથી મીકેનીકલ એન્જી.માં બી. ટેક, ૯.૬૩ સીપીઆઈ સાથે ગોલ્ડ મેડલ મેળવી ઉત્તીર્ણ કરેલ છે.

## અવસાન

માધાપર – કચ્છ : શ્રી નરોત્તમ ભગવાનલાલ શાહ (ઉ. વ. ૭૧), તા. ૨–૫–૨૧

ભૂજ : મહેન્દ્ર કરસનદાસ શાહ (ઉ.વ. ૬૧), તા. ૪–૫–૨૧

વડોદરા : ધર્મિષ્ઠાબેન ડાહ્યાલાલ શાહ, (ઉ. વ. ૧૦૦), તા. ૫–૫–૨૧

અમદાવાદ : ભાવેશ અશોકભાઈ રમણીકલાલ કિનખાબવાલા, તા. ૧૦–૫–૨૧

અમદાવાદ : ભૂપેન્દ્રભાઈ રમણીકલાલ કીનખાબવાલા, તા. ૧૩–૫–૨૧

– વિચારો ભાગ્ય વિધાતા છે માટે ઊચ્ચ કોટીના વિચારોની જીવનમાં વાવણી કરો.
– તક કંકોત્રી મુકતી નથી, તે ઝડપી લેવી પડે છે. “ડીલે ઈઝ ડેન્ઝરસ”.
– જીવનમાં એવી ભૂલો ન કરો કે પેન્સીલ પહેલા રબર ઘસાઈ જાય.
– સંસાર છોડીને ભાગવું નહિ પણ જાગવું.
– મોટાઈ એટેલ જ દુ:ખનો ડુંગર.

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રધ્ધાંજલિ



## અ.સૌ. આશાબેન હર્ષદભાઈ પરીખ

જન્મ : ૨૦-૮-૧૯૫૨ • શ્રીજીચરણ : ૨૨-૪-૨૦૨૧

આ જન્મ સાથ નિભાવવાની
આશા આપી હતી તમે,

અમને બધાને સાથે રાખીને જીવવાની
આશા આપી હતી તમે,

અચાનક વજ્રઘાત કરી
અમને એકલા મૂકીને શ્રીજીચરણ ચાલ્યા તમે,

પરંતુ અમારા હૈયામાં તો હંમેશા
આશા તમારી જીવંત જ રહેશે.

**હર્ષદ શ્યામલાલ પરીખ**

**નેહા દક્ષેશ શાહ** — **નિધિ પાર્થેશ દવે**

**દક્ષેશ જીતેન્દ્રભાઈ શાહ** — **પાર્થેશ પ્રદ્યુમ્નભાઇ દવે**

**તનિષ્કા - ત્વિષા - આર્યા**

★★★

## શ્રધ્ધાંજલી



### સ્વ. શ્રી મુકુંદભાઈ હસમુખલાલ શાહ (મુંબઈ)

### જન્મ : ૨૧–૧૧–૧૯૩૨ શ્રીજી ચરણ : ૨૯–૧૨–૨૦૨૦

મૂળ ભરૂચના વિશા વાયડા વણિક સ્વ. હસમુખલાલ સાકરલાલ શાહ તથા સ્વ. શાંતાગૌરીના જ્યેષ્ઠ પુત્ર, શ્રી જયકૃષ્ણભાઈના મોટા ભાઈ, સ્વ. નિરંજનાબેનના પતિ, ચિ. દેવેન (હાલ કેનેડા), અ.સૌ. નીપા તથા રૂપલબેનના પિતાશ્રી, અ.સૌ. રોમાબેન તથા ધીરેનભાઈ શ્રોફના સસરા, જીગર, અંકિત, મિહિર તથા યશના દાદા / નાના.

પુષ્ટિમાર્ગિય પરિવારમાં જન્મેલા તેઓશ્રી ધાર્મિક સ્વભાવે મિલનસાર તથા સરળ સ્વભાવના હતાં. તેમની ખોટ ક્યારેય પૂરાય એમ નથી. અમારા પિતાશ્રીને અમારા હૃદયપૂર્વક વંદન.

★★★

## "વિશા વાયડા વણિક" શ્રધ્ધાંજલી



ભરૂચનાં વલ્લભદાસ રંગીલદાસ બનાતવાલાની સુપુત્રી અને ઉપેન્દ્ર ચન્દ્રવદન શેઠનાં પત્ની **અ.સૌ. નીલા ઉપેન્દ્ર શેઠ (ઉ. ૭૨) ૨૫મી મે, ૨૦૨૧નાં** રોજ બોરીવલી મુકામે, શ્રીજીચરણ પામ્યા છે.

તે શ્રી નીરવ તેમજ અ.સૌ. સપનાની માતા, અ.સૌ. અર્ચના અને શ્રી રિપુંજયકુમારનાં સાસુ તેમ જ ચિ. કાનન, દેવાંગી અને ચિ. વ્યોમા અને કેદારનાં દાદી.

# શ્રધ્ધાંજલી

★★★



**સ્વ. સંજયભાઈ હસમુખલાલ મારફતિયા**

**જન્મ તા. ૧૨-૦૬-૧૯૪૪ શ્રીજીચરણ તા. ૨૪-૧૦-૨૦૧૬**

બી-૧૦૧, રૂદ્રાક્ષ ફ્લેટ, કુમકુમ પાર્ટી પ્લોટની પાછળ,
છાણી જકાતનાકા, ટી.પી. - ૧૩,
વડોદરા - ૩૯૦૦૨૪. મો. ૯૭૨૫૦ ૦૬૧૯૩

આંખમાં આંસુ ને દિલમાં તમારી યાદ છે.
આજ તમે નથી રહ્યા એ જ ફરિયાદ છે,
વહેવાર કદી ચૂકયા નથી, કર્મ કદી ભૂલ્યા નથી,
સુખ-દુ:ખમાં સદાય હસતા રહ્યા,
સ્નેહથી સૌના હૈયામાં વસતાં રહયા
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**મેહુલ સંજયભાઈ મારફતીયા** **હિરલ ધર્મેશકુમાર શાહ**
**પ્રિયંકા મેહુલ મારફતીયા** **ધર્મેશકુમાર બીપીનચંદ્ર શાહ**
**(વિશ્વા, પ્રિન્સી, ધ્યેય)**

## શ્રધ્ધાંજલી

★★★



**સ્વ. અ.સૌ. અવનિકાબેન સંજયભાઈ મારફતિયા**

**જન્મ તા. ૨૭–૦૪–૧૯૫૫ શ્રીજીચરણ તા. ૧૭–૦૯–૨૦૦૪**

આપણી અણધારી દુ:ખદ વિદાયનો સત્તર વર્ષનો સમય વીતી ગયો છતાં હૃદય હજુ માનતું નથી. આપનું પવિત્ર અને સાદગીભર્યું જીવન જ અમારા માટે મંત્ર સમાન છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

**લિ.**

**સ્વ. દેવેન્દ્રબાળા નટવરલાલ પરીખ** **મેહુલ સંજયભાઈ મારફતિયા**

**સ્વ. સંજયભાઈ હસમુખલાલ મારફતિયા** **પ્રિયંકા મેહુલ મારફતિયા**

**હિરલ ડી. શાહ** **ધર્મેશકુમાર બી. શાહ**

**(પ્રીન્સી, ધ્યેય, વિશ્વા)**

## શ્રધ્ધાંજલી

★★★



**સ્વ. પ્રવીણચંદ્ર હસમુખલાલ મારફતિયા**

**જન્મ તા. ૧૭-૦૩-૧૯૩૮ શ્રીજીચરણ તા. ૧૯-૮-૨૦૦૩**

અમ સૌ સંતાનોને સંસ્કારનું સિંચન કરનાર અને અનેકના જીવનમાં અજવાળું પાથરનાર અમારી ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

લિ.

કોકિલાબેન પી. મારફતિયા

જીગર પી. મારફતિયા ધર્મેન્દ્રકુમાર બી. પરીખ

અમી જી. મારફતિયા રૂપલ આર. પરીખ

હેતલ ડી. પરીખ રીતેનકુમાર સી. પરીખ

(હેની, આસ્થા, મિહિર, મેઘલ, પુષ્ટિ, જહાનવી)

## શ્રધ્ધાંજલી

★★★



**સ્વ. કુ. જ્યોત્સનાબેન હસમુખલાલ મારફતિયા (ભરૂચ)**

**જન્મ તા. ૦૩-૦૨-૧૯૩૫ શ્રીજીચરણ તા. ૨૩-૦૧-૨૦૧૫**

અમારા વ્હાલા બહેન,

અમારો આધાર, અમારા માટે પોતાનું આખુંય જીવન ખર્ચી નાખનાર, અમારા પરિવારને પોતાનું સમજી બધું જ કરી છુટનાર.

એમ લાગે છે કે જાણે માત્રને માત્ર અમારા જીવનનો ઉધ્ધાર કરવા માટે જ આપે આ ધરતી ઉપર જન્મ લીધો હતો. બહેન, ભલે તમે આ સંસારમાંથી વિદાય લીધેલ છે, પરંતુ અમારા હ્દયમાં તમે સદાયકાળ જીવિત છો.

લિ.

**સ્વ. નેત્રમણિબેન મનહરલાલ પરીખ**

**સ્વ. પ્રવીણચંદ્ર એચ. મારફતિયા સ્વ. સંજયભાઈ એચ. મારફતિયા**

**મહાપ્રકાશભાઈ એચ. શાહ મુકેશભાઈ એચ. મારફતિયા**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021
Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021 પ્રકાશન ૧૦/૬/૨૦૨૧



# ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

## તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

## PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH